₹ ૧૫/-

સંકલ્પના સમયગાળાઓ

# પ્રભુ અર્પણ

ફેબ્રુઆરી - ૨૦૧૬

(શ્રી અરવિંદ અને શ્રી માતાજીની સમજૂતી)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✲

૨૧-૨-૧૯૫૮

નાશવંત શરીરના જન્મનો ઉત્સવ ઉજવવો એ કેટલીક શ્રદ્ધાપૂર્ણ ભાવનાઓને સંતોષી શકે છે.

શાશ્વત ચેતનાના આવિર્ભાવની ઉજવણી તો વિશ્વ-ઇતિહાસની પ્રત્યેક ક્ષણે થઈ શકે છે.

પરંતુ એક નૂતન જગત, અતિમાનસ જગતના આગમનની ઉજવણી કરવી એ એક અદ્ભુત અને અસાધારણ વિશેષાધિકાર છે.

શ્રી માતાજી

## ઉતાવળ અને ધીરજ

પ્રભુ પાસે તો સર્વ કાલ પડ્યો છે અને તેને હંમેશાં ઉતાવળ કરવાની જરૂર હોતી નથી. તેના ઉદ્દેશની અને સફળતાની તેને ખાતરી હોય છે અને પોતાના કાર્યને પૂર્ણતાની વધારે સમીપ લઈ જવા માટે હજાર વાર તેને ભાંગવું પડે તો તેની તેને દરકાર નથી. ધીરજ એ આપણો પ્રથમ મહાન આવશ્યક પાઠ છે, પરંતુ એ ધીરજ એટલે કાંઈ ભીરુ, સંશયાત્મા, શ્રાંત, આળસુ, મહેચ્છાહીન કે કાયરની પ્રગતિ કરવામાં મંદ શિથિલતા એમ સમજવાનું નથી; એ ધીરજ એટલે શાંત અને વર્ધમાન સામર્થ્યવાળી ધીરજ જે સાવધાન રહે છે અને થોડા, પરંતુ ભાવિનો દિશાપલટો કરવા માટે પૂરતા, શીઘ્ર અને સમર્થ ફટકાઓ મારવાની તક માટે પોતાની જાતને તૈયાર કરે છે.

શ્રી અરવિન્દ

(વિચારરત્નો અને જ્યોતિઝાંખી-પૃ.૨૦)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ફેબ્રુઆરી - ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૨

# અનુક્રમ

## સંક્રમણના સમયગાળાઓ

| | |
|---|---|
| પ્રભુની પળ | ૦૬ |
| નૂતન જગતનાં બીજ | ૧૦ |
| પરિવર્તનની લહેરો | ૧૮ |
| નૂતન સર્જનનું પાંગરવું | ૨૬ |
| ભવિષ્યનું ફળ પ્રાપ્ત કરવું | ૩૩ |
| નૂતન પૃથ્વી | ૩૬ |

* * *

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૪૨ |


**સંપાદકીય નોંધ :** વર્ષ ૧૯૭૧માં શ્રી માતાજીએ આપણને સાવધાન કરતાં જણાવ્યું હતું કે :

> **''આપણે 'પ્રભુની પળો'માંની એક એવી પળમાં છીએ જ્યારે જૂના પાયાઓ હચમચી ગયા છે અને ભારે ગૂંચવાડો પ્રવર્તી રહ્યો છે; પરંતુ આ એક અદ્‌ભુત તક પણ છે — જેઓ આગળ કૂદકો ભરવા માગે છે તેમને માટે. એમને માટે પ્રગતિની શક્યતા અસાધારણ છે.''**

અલબત્ત, આ સમયગાળાઓ તોફાની છે અથવા કહો સંક્રમણના સમયગાળાઓ છે. ૧૯૫૬માં થયેલા અતિમાનસના આવિર્ભાવની ક્ષણથી માવજાતિ નૂતન ચેતનાના દબાણ હેઠળ વધુને વધુ ઘડાઈ રહી છે. આ દબાણ એના ગુણોત્તરના પ્રમાણમાં વધી રહ્યું છે અને માનવજાતિને પોતાની રીતરસમને દિવ્યતર જીવનની રીતમાં પરિવર્તિત કરવા ફરજ પાડી રહ્યું છે. માનવજાતિના મનને નૂતન અભીપ્સાઓ હચમચાવી રહી છે અને નૂતન આશાઓ માનવની રાત્રિની ઊંઘ છીનવી રહી છે. અને છતાં રાત્રિ હજુ અદૃશ્ય થઈ નથી. દંતકથામાંના પાંખાળા પ્રાણીની માફક એ પસાર થતાં થતાં પોતાની પૂંછ પછાડી રહી છે. જૂનું જગત હજુ પ્રતિકાર કરી રહ્યું છે અને નૂતન જગત જે હજુ એની બાલ્યાવસ્થામાં છે, તે ધીરે ધીરે પરંતુ નિશ્ચિતપણે આપણી ચેતનાના અંતરાલમાં થઈને સરકી રહ્યું છે. અતિમનસ અવતરણની ૧૫મી વર્ષગાંઠના ઉપલક્ષ્યમાં શ્રી માતાજીને એમના ૧૩૮મા જન્મદિને અર્પણ કરવા માટે તૈયાર કરાયેલો આ અંક શરૂ કરવામાં આવેલી પરિવર્તનની અમુક રૂપરેખાઓ, જેને શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ પોતાની તપસ્યા દ્વારા ચરિતાર્થ કરી છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ માસ (ફેબ્રુઆરી)નું મહત્ત્વ વિશાળ છે. આ સંદર્ભમાં શ્રી માતાજીએ ૧૯૫૮ની ફેબ્રુઆરીના રોજ, પોતાના ૮૦મા જન્મદિને જે સંદેશ આપ્યો હતો તેનું આપણે સ્મરણ કરીએ.

*(સંદેશ માટે જુઓ મુખપૃષ્ઠ નં. ૨)*



જ્યાં જ્યાં કોઈ મહાન અંત તને દેખાય ત્યાં ત્યાં મહાન આરંભની પણ તારે ખાત્રી રાખવી. જ્યાં જ્યાં કોઈ રાક્ષસી અને દુઃખદાયક વિનાશથી તારું મન હેબતાઈ જાય ત્યાં ત્યાં વિશાળ અને મહાન સર્જનની ખાતરી વડે તેને આશ્વાસન આપ. પ્રભુ કેવળ હૃદયમાં સંભળાતા શાંત અવાજમાં જ નથી; પરંતુ આગમાં અને ઝંઝાવાતમાં પણ તે રહ્યો છે.

વિનાશ જેટલો વધારે વ્યાપક તેટલી સર્જનની શક્યતાઓ પણ વધારે મુક્ત; પરંતુ ઘણી વખત વિનાશ દીર્ઘ, મંદ અને દુઃખપૂર્ણ હોય છે અને સર્જનનું આગમન અતિ મંદ ગતિવાળું, યા તો તેનો વિજય વિચ્છિન્ન હોય છે. ફરી ફરીને નિશા આવે છે અને દિવસ આવતાં વાર લગાડે છે, અથવા તો પોહ ફાટ્યાનો આભાસ થયો હતો એમ પણ લાગે છે, એથી નિરાશ થા નહિ, પરંતુ રાહ જો અને કામ કર. જેઓ તીવ્રતાભરી—ઉગ્ર—આશાઓ રાખે છે તેઓ નિરાશ પણ ઝપાટાબંધ થઈ જાય છે. આશા કે ભય ન રાખ, પરંતુ પ્રભુના હેતુ વિશે અને કાર્યસાધક તારી ઈચ્છાશક્તિમાં દઢ વિશ્વાસ રાખ.

પ્રભુ પોતાની સૃષ્ટિને આટલી સખ્ત રીતે હથોડાથી શા માટે ટીપે છે, શા માટે કણકની જેમ તેને ગૂંદે છે, મસળે છે, શા માટે તેને રુધિરમાં સ્નાન કરવા અને ભઠ્ઠીની લાલ ધગધગતી આગમાં ધકેલે છે ? કારણ કે, સામાન્ય માનવસમૂહ હજી સખ્ત, અપક્વ, અશુદ્ધ કાચી ધાતુ છે જેને બીજી કોઈ પણ રીતે ઓગાળીને આકાર આપી શકાય તેમ નથી. જેવું ઉપાદાન તેવી જ તેની રીત છે. માનવજાતિ પોતાનું વધારે ઉદાત્ત અને શુદ્ધતર ધાતુમાં રૂપાંતર કરવામાં મદદ કરશે તો તેની સાથેનો પ્રભુનો વ્યવહાર પણ તેટલો વધુ નરમ અને મધુરતર થશે અને તેના ઉપયોગો ઉચ્ચતર અને વધુ સુંદર થશે.

**શ્રી અરવિન્દ**

(વિચારરત્નો અને જ્યોતિઝાંખી : પૃ. ૧૯-૨૦)

# પ્રભુની પળ

### નૂતન જગતની પ્રસવ પીડા

સમય અને પ્રભુના તત્કાલીન હેતુ ઉપર એટલું બધું આધારિત હોય છે કે પોતાની મનગમતી ઉટપટાંગ વસ્તુઓ સાથે આપણી જાતને જોડી રાખવાને બદલે પ્રભુનો હેતુ શોધી નાખવો એ આપણા માટે વધારે મહત્ત્વનું છે. કાલ પુરુષ અને મૃત્યુનો દેવ પ્રભુના આ ઘોર કાર્ય માટે પ્રવૃત્ત થયા છે — लोकक्षय कृत् प्रवृद्धः[1] - વિશ્વનો વિનાશ કરવા વર્ધમાન મહાકાળ. અને પ્રભુના આ મહા ભય, એમના સામર્થ્ય અને એમની દુર્નિવારતાને કોણ ખાળી શકે એમ છે ? પરંતુ પ્રભુ જે જગત હતું તેનો વિનાશ કરી રહ્યા છે એટલું જ નહિ; તેઓ સર્જન પણ કરી રહ્યા છે એવા વિશ્વનું, જે ભવિષ્યમાં હશે. અને માટે જ પ્રભુ જેનું સર્જન કરી રહ્યા છે તે શોધી કાઢી એમાં મદદરૂપ થવું એ આપણે માટે વધુ ફાયદાકારક પુરવાર થશે.... અલબત્ત, પ્રભુના આશયને ઓળખવો એ સહેલું નથી અને મોટે ભાગે આપણે હંગામી રચનાઓની જ વધુ પ્રશંસા કરીએ છીએ, જે રચનાઓ આ કુરુક્ષેત્રમાં યુદ્ધ કરતા યોદ્ધાઓ માટે તંબુઓ સમાન હોય છે. આપણે એ તંબુઓને ભવિષ્યના કાયમી નિવાસ તરીકે ગણી લઈએ છીએ.

માટે, પંડિતો જ્યારે સત્ય અને કલિના આચરણ વચ્ચે ભેદ કરે છે ત્યારે તેઓ સાચા હોય છે. પરંતુ આ જ્ઞાનને લાગુ કરવામાં તેઓ મને હંમેશાં પ્રાજ્ઞ કે પંડિતાઈપૂર્ણ લાગ્યા નથી. કાં તેઓ ભૂલી જાય છે કે પછી તેમને એ જ્ઞાન છે જ નહિ કે કલિ વિનાશ અને નવસર્જનનો યુગ છે. જેને હવે બચાવી શકાય તેમ છે જ નહિ એવી જૂની વસ્તુઓને વગર વિચાર્યે વળગી રહેવાનું નહિ, તેઓ કલિવર્જ્ય — કલિયુગમાં ત્યજવા યોગ્ય વસ્તુઓ — ના જડ ચોકઠામાં પુરાઈને પોતાને સલામત માને છે, પણ તેઓ ભૂલી જાય છે કે તેઓ પ્રાચીન સંવાદિતાની નબળાઈઓને નહિ, પણ તેની શક્તિઓને ત્યજી રહ્યા છે. જે કંઈ બચે છે એ તો પરિવર્તનના સમુદ્રના કિનારાઓ ઉપર આપણે ઊભો કરેલો કામચલાઉ મંચ માત્ર છે જે વધુ સ્થાયી વસવાટની રાહ જોઈ રહ્યો છે; અને એ પણ એક દિવસ તો મોજાંની થપાટો તળે તૂટી પડવાનો છે, ડૂબાડી દેતા પાણી તળે અદૃશ્ય થઈ જવાનો છે. વિનાશ માટેનો સમય આવી પહોંચ્યો છે ? અમને લાગે છે કે આવી પહોંચ્યો છે. એ જળરાશિની થપાટો સાંભળો — કોઈ આક્રમણના તુમુલ કોલાહલ કરતાં વધારે ભયાનક, ધીમું, નિર્દય, ચુપચાપ થઈ રહેલું, જીવનરસ હરી લેતું શોષણ નોંધો — આપણી થાગડથીંગડ્યા અસ્તવ્યસ્ત જર્જરિત ઇમારતના ઢગલે ઢગલા જુઓ. તેઓ ચિચુડા બોલાવતી કટાઈ રહી છે, આઘાતોથી હચમચી રહી છે, તૂટી રહી છે અને ઊંચે ચઢતાં એ વિશાળ મોજાંઓની અંદર અવાજ વિના કે ધડાકા સાથે, એકાએક કે ધીમે ધીમે ડૂબી રહી છે.

(૧) ગીતા : અધ્યાય ૧૧ શ્લોક : ૩૨

નૂતન રચના માટેનો સમય શું આવી ગયો છે ? અમે જણાવીએ છીએ : એ સમય આવી ગયો છે. માનવજાતિની એક છેડેથી બીજા છેડાની પ્રવૃત્તિ, આતુરતા અને ઉતાવળ જુઓ, ઝડપથી થતી સંશોધનની ક્રિયા, ઝંખના, ઘડતરની ક્રિયા જુઓ. એક પછી એક થતા અવતાર અને મહાન વિભૂતિઓનું આગમન નિહાળો.... આ સર્વ શું કલિ પછીના પ્રથમ સત્યયુગની સ્થાપનાની નિશાનીઓ નથી ? અત્યાર સુધીના સર્વ અવતારોમાંના મહાન અવતારનું આગમન શું આપણને જણાવતું નથી કે પ્રથમ સત્યયુગની સ્થાપના માટે એ અવતાર થયો છે ?

### નૂતન ઉષાનું પ્રથમ પ્રાકટ્ય

કલિયુગના પ્રથમ પાંચ હજાર વર્ષો — પુરાણા સત્યયુગના છેવટના વિનાશ માટે જે વર્ષો જરૂરી હતાં — તો પૂરાં થઈ ગયાં છે. વધ્યે જતી ગતિ અને લય સાથે સમગ્ર પૃથ્વી ઉપર ધસી આવતી નબળાઈઓ અને હિંસા, સ્ખલન અને અજ્ઞાન તથા વિસ્મૃતિએ આપણે માટે આ કાર્ય કરી આપ્યું છે. પ્રથમ કલિ-સત્યનું પ્રભાત પ્રાકટ્ય માટે તૈયાર છે, એની પ્રથમ રંગઝાંય ઝાંખી ઝાંખી દૃશ્યમાન થઈ રહી છે..... જ્યારે વિનાશ થાય છે ત્યારે રૂપો વિનાશ પામે છે, આત્મા નહિ.... જૂનો સત્યયુગ જે મૃત થયો છે તે નૂતન સત્યયુગ-— જે જન્મવનો છે—ના સત્યથી અલગ ન હતો. કારણ સત્ય જ હંમેશાં પોતાની જાતને પુનઃસ્થાપિત કરતું હોય છે તથા ટકી રહેતું હોય છે. ભારતમાં, પસંદ કરાયેલ ભૂમિમાં એ સત્ય સચવાયેલું છે, એ સત્ય ભારતના આત્મામાં સૂતેલું છે અને એ આત્માની સભાનાવસ્થાની અપેક્ષા સેવી રહ્યું છે.... માત્ર ભારત દેશ જ માનવજાતિનું ભાવિ ઘડી શકે એમ છે, માત્ર ભારતમાં જ કાર્યસાધક અવતાર રાષ્ટ્રો સમક્ષ ઉપસ્થિત થઈ શકે છે. (CWSA 12 : 56-57)

### ગૂંચવાડાઓ આપણને શીખવવા માટે છે

છેવટે, મને પૂરી ખાતરી થઈ છે કે આ બધા ગૂંચવાડા એટલા માટે ઊભા થયેલા છે કે જેથી આપણે, એકેએક કરીને આપણા દિવસોનું નિર્ગમન કરી શકીએ. એટલે કે, શું થઈ શકે, શું થશે, તે બધામાં પહેલેથી ધારણાઓ બાંધી ન રાખીએ, ફક્ત રોજેરોજ પોતાને જે કરવાનું હોય તેમાં જ ધ્યાન આપીએ. બધા જ વિચારો, પૂર્વ નિર્મિત યોજનાઓ અને ગોઠવણો તો ખૂબ ગેરવ્યવસ્થા ઊભી થવામાં મદદકર્તા નીવડે છે.

શક્ય હોય ત્યાં સુધી મિનિટે મિનિટ કરીને જીવવું, આવા બની રહેવું (ઊર્ધ્વ પ્રત્યે નિર્દેશ), જે ક્ષણે જે વસ્તુ કરવાની હોય તેના ઉપર જ લક્ષ આપવું અને પછી સર્વસ્વરૂપિણી ચેતનાને નિર્ણય કરવા દેવો... આપણી પાસે વિશાળમાં વિશાળ દૃષ્ટિ હોય તે છતાં પણ આપણે કદી પૂર્ણ જ્ઞાન પામી શકતા નથી : આપણે વસ્તુઓને કેવળ આંશિક સ્વરૂપમાં — તદ્દન આંશિક સ્વરૂપમાં જાણી શકીએ છીએ. એટલે આપણું ધ્યાન આમતેમ ખેંચાયા કરે છે અને છતાં બીજી વસ્તુઓનું પણ અસ્તિત્વ હોય છે. જે વસ્તુઓ ભયંકર અને નુકસાનકારક હોય છે તેમને જ અગત્ય આપવાથી આપણે ફક્ત તેમના બળમાં વધારો કરીએ છીએ.

(શ્રી માતાજી ધ્યાનમાં ઊતરે છે)

જ્યારે તમારી ઉપર આવાં અવ્યવસ્થા અને ગૂંચવાડાનાં દૃશ્યોનું આક્રમણ થાય ત્યારે તમારે એક જ વસ્તુ કરવાની હોય છે, તમારે એવી એક ચેતનામાં પ્રવેશ કરવો જ્યાં તમે એક જ સ્વરૂપ, એક જ ચેતના, એક જ શકિતને જોઈ શકો — આ સર્વ વસ્તુઓ એ એકતામાં જ ચાલી રહી છે અને આપણાં બધાં નજીવાં સૂક્ષ્મ દર્શનો, જ્ઞાનો અને તુલનાઓ... એ બધું કશી વિસાતમાં નથી. જે સર્વોપરી ચેતના છે તેની સરખામણીમાં તેઓ માત્ર રજ જેટલાં છે. માટે જો તમારામાં અલગ અલગ વ્યક્તિત્વોના વિશે સહેજ પણ ખ્યાલ હોય તો તમે જોઈ શકશો કે એનું કારણ એ હતું કે અભીપ્સાને સ્થાન હોય, અભીપ્સાનું અસ્તિત્વ હોય, આ આત્મસમર્પણ અને આત્મ-દાન અને વિશ્વાસ અને શ્રદ્ધાને સ્થાન પ્રાપ્ત થાય. અને ખરું જોતાં તો વ્યક્તિત્વોનું ઘડતર એટલા જ માટે થયેલું અને તમે જેમ જેમ પૂર્ણ સત્યનિષ્ઠા અને તીવ્રતા સાથે અપનાવી શકશો... બસ, એટલાની જ જરૂર છે.

ફક્ત એટલાની જ જરૂર છે, એ જ ખરી વસ્તુ છે, એ વસ્તુ જ ટકી રહેશે, બીજું બધું... કેવળ માયાજાળ છે.

*

## અંતિમતાઓ વધુ અંતિમ બની રહી છે

હું ધારું છું મેં તમને આ પહેલાં કહ્યું છે કે જાણે એક સુવર્ણ શક્તિ નીચે દબાણ કરતી ઊતરી રહી છે (દબાવવાની ક્રિયા) એનામાં સ્થૂલ તત્ત્વ નથી અને છતાં એ ખૂબ જ ભારે ભારે દેખાય છે....

હા, હા.

.... અને એ જડતત્ત્વ ઉપર દબાણ કરી રહી છે, આ રીતે તેને ફરજ પાડવા માટે, પ્રભુ તરફ આંતરિક રીતે વળવાની ફરજ પાડવા માટે — કોઈ બાહ્ય છટકબારી નહિ (ઉપરની દિશામાં ક્રિયા) પરંતુ આંતરિક રીતે પ્રભુ તરફ વળવા માટે. અને પછી દેખીતું પરિણામ જાણે કે વિપત્તિઓ અનિવાર્ય હોય એવું બની આવે છે. અને આ વિપત્તિઓ અનિવાર્ય છે એવું દેખાવાની સાથે સાથે એ પરિસ્થિતિના ઉકેલો પણ મળી આવે છે, એવા એવા બનાવો બને છે કે જે પોતે સાવ ચમત્કારરૂપ હોય છે. એ જાણે કે જે બે અંતિમતાઓ છે તે વધુને વધુ અંતિમ બની રહી છે, જાણે કે જે શુભ છે તે વધુ શુભ બની રહ્યું છે, જે ખરાબ છે તે વધુ ખરાબ બની રહ્યું છે. એમ છે. જગત ઉપર જે ભીષણ શક્તિ દબાવ કરી રહી છે એ જોતાં, મારી છાપ એવી છે.

**હા, એ જોઈ શકાય તેમ છે.**

હા, એ એવી રીતે અનુભવાય છે (માતાજી હવામાં આંગળી ફેરવે છે). અને પછી ચાલુ પરિસ્થિતિઓમાં, ઘણી ઘણી વસ્તુઓ જે સામાન્ય રીતે હળવા રૂપે બનતી રહેતી હોય છે તે ઉગ્ર બની જાય છે, પરિસ્થિતિઓ, મતભેદો ઉગ્ર બની જાય છે, દુરિચ્છાઓ ઉગ્ર બની જાય છે. અને સાથે સાથે જ, અસાધારણ ચમત્કારો — અસાધારણ ! જે લોકો મરવાની અણી પર હોય છે તે બચી જાય છે, જે વસ્તુઓ ન ઉકેલાય એવી હોય છે તે એકાએક ઊકલી જાય છે.

અને પછી, વ્યક્તિઓ માટે પણ, એ જ વસ્તુ બને છે.

જે લોકોને (કેવી રીતે કહેવું).... તરફ વળતાં આવડતું હોય છે, જે લોકો સાચા હૃદયથી પ્રભુને પુકારતા હોય છે, જે લોકોને થતું હોય છે કે એ જ એકમાત્ર ઉકેલ છે, એ જ એક બહાર નીકળવાનો રસ્તો છે, અને જે સાચા દિલથી પોતાનું અર્પણ કરતા રહે છે, પછી.... (ભેદીને બહાર નીકળવાની ક્રિયા) થોડી જ મિનિટોમાં એ વસ્તુ અદ્દભુત બની જાય છે.

નાનામાં નાની વસ્તુઓ માટે — આમ તો કશું જ નાનું કે મોટું નથી બધું એકસરખું જ છે.

મૂલ્યો બદલાય છે.

જાણે કે જગતનું દર્શન બદલાઈ જાય છે.

*

## મૂલ્યો ઉત્કટતા ધારણ કરી રહ્યાં છે

એ જાણે કે અતિમાનસના અવતરણથી જગતમાં જે ફેરફાર થવાનો છે તેનો એક ખ્યાલ આપવાને થઈ રહ્યું છે. ખરેખર જે વસ્તુઓ તટસ્થ હતી તે એકદમ છેવટની બની જાય છે : એક નાનકડી ભૂલ, એનાં પરિણામોમાં એકદમ છેવટની બની જાય છે, એક નાનકડી સત્યનિષ્ઠા, એક નાનકડી સાચી અભીપ્સા એના પરિણામમાં ચમત્કારી બની જાય છે. લોકોમાં મૂલ્યો વધારે તીવ્ર બની રહ્યાં છે. અને સ્થૂલ દૃષ્ટિથી જોતાં પણ, નાનામાં નાની ભૂલ, નાનામાં નાની ભૂલ, એનાં મોટાં મોટાં પરિણામો આવે છે અને અભીપ્સામાં રહેલી ઓછામાં ઓછી સચ્ચાઈનાં પરિણામો અદ્ભુત આવે છે, મૂલ્યો તીવ્ર બન્યાં છે, ચોક્કસ બન્યાં છે....

આખી સમગ્ર વસ્તુનું દર્શન એ પ્રમાણે છે કે બધી જ વસ્તુઓ.... બધી જ વસ્તુઓ જગતને સભાન રીતે ઉપર લઈ જવા સંકલ્પપૂર્વક યોજાયેલી છે. ચેતના પોતે દિવ્ય બનવાની તૈયારી કરી રહી છે. અને એ પૂરેપૂરું સાચું છે કે જેને આપણે ભૂલો ગણીએ છીએ તે માત્ર સામાન્ય રીતના માનવ-વિચારની જ વસ્તુ છે. સાવ, સાવ...

હું આ નિર્ણય ઉપર આવી છું. મેં નિરીક્ષણ કર્યું છે, મેં અવલોકન કર્યું છે અને મેં જોયું છે કે જેને આપણે 'અતિમાનસ' કહીએ છીએ, વધારે સારા શબ્દના અભાવે, તે આ અતિમાનસ સૃષ્ટિને પેલી ઊર્ધ્વ શક્તિ પ્રત્યે વધારે સંવેદનશીલ બનાવે છે.

આપણી બધી સામાન્ય બુદ્ધિ, આપણું બધું તર્કશાસ્ત્ર, આપણી બધી વ્યવહારુ બુદ્ધિ, ભોંયભેગાં થઈ ગયાં છે ! ખલાસ ! એમનામાં હવે કશી શક્તિ રહી નથી. કશી વાસ્તવિકતા રહી નથી. એ બધાં પેલી જે વસ્તુ છે તેની સાથે હવે મળતાં રહ્યાં નથી. એ સાચે જ એક નવીન જગત છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૦૧, ૩૨૩-૨૪ અને ૩૨૪-૨૬)

***

# નૂતન જગતનાં બીજ

### આધ્યાત્મિક બનેલા સમાજના હેતુઓ અને એનું ક્ષેત્ર

આધ્યાત્મિક રૂપ બનેલો સમાજ તેની આધ્યાત્મિક વ્યક્તિઓની માફક અહંકારમાં નહિ પરંતુ આત્મામાં સ્થિર થશે, તે એક સામુદાયિક અહંકાર રૂપે નહિ પરંતુ સામુદાયિક આત્મા રૂપે જીવન ગાળશે. અહંપ્રધાન દૃષ્ટિમાંથી આ રીતે મુક્ત રહેવું એ આધ્યાત્મિક સમાજનું સૌથી પ્રથમ અને અત્યંત આગળ પડતું લક્ષણ હશે. પણ અહંકારનું આ નિર્મૂલન કેવી રીતે સધાશે ? એ માટે અત્યારે જે રીતની દૃષ્ટિ પ્રવર્તે છે તે મુજબનો માર્ગ નહિ લેવામાં આવે. અત્યારે તો એમ સૂચવવામાં આવે છે કે વ્યક્તિ પોતાની અંગત સંકલ્પશકિતને સમાજની સંકલ્પશક્તિને ચરણે ધરી દે, પોતાની અભીપ્સાઓને સમાજનાં સામુદાયિક લક્ષ્યોમાં ભેળવી દે, પોતાના મહામૂલા વ્યક્તિત્વને સમાજના સામુદાયિક અહંકારની વેદી ઉપર બલિદાન કરી દે એ જ વ્યક્તિને માટે ઉત્તમોત્તમ જીવનમાર્ગ છે. આ કાર્ય કરવા માટે વ્યક્તિને સમજાવીને તૈયાર કરી શકાય અથવા તે સમજે નહિ તો તેના ઉપર પૂરું દબાણ પણ કરી શકાય એવી પણ હિમાયત કરવામાં આવે છે. અને આ દૃષ્ટિને અનુસરીને આજના માનવને, પ્રાચીન કાળના નરમેધના બલિની પેઠે, સામુદાયિક અહંકારની એક વિરાટ અને જુગુપ્સિત પ્રતિમા આગળ તેના આત્માનો વધ કરવા માટે હાંકી જવામાં આવી રહ્યો છે. આધ્યાત્મિક સમાજમાં વ્યક્તિને અહંમાંથી મુક્ત કરવા માટે આ પ્રમાણેની પદ્ધતિ અખત્યાર નહિ કરવામાં આવે. કારણ આ અત્યારે સ્વીકારાયેલી પદ્ધતિમાં એક નાનકડા અહંકારનું બલિદાન લઈ તેને સ્થાને એક ઘણા વિશેષ મહાન અહંકારને સ્થાપિત કરવામાં આવે છે. અને વ્યક્તિના અહંકાર કરતાં આ સામુદાયિક અહંકારમાં કોઈ વિશેષ ગુણ રહેલા છે કે તે વિશેષ ઉત્તમ છે તેવું લેશ પણ નથી. એ અહંકારની મહત્તા માત્ર તેના કદમાં જ છે. એ સામુદાયિક અહંકાર સમાજના સર્વ માણસોના એકત્રિત બનેલા અહંકારનું જ એક રૂપ છે. અને વ્યક્તિના અહંકાર કરતાં તે ઘણી વાર તો એક વિશેષ કલંકિત, વિશેષ કદરૂપું, વિશેષ જંગલી એવું તૂત હોય છે. એવા દેવની ઉપાસના કદી ન થઈ શકે. આધ્યાત્મિક માનવ પોતાના અહંકારનું વિસર્જન કરીને જે આત્મતત્ત્વ શોધવા માગે છે તે તો એક નિરાળી વસ્તુ જ છે. એ આત્મતત્ત્વ સર્વ કોઈની અંદર એક જ રૂપે રહેલું છે, તેમ જ પ્રત્યેક વ્યક્તિની અંદર તે તેના પૂર્ણ રૂપે તેમ જ પૂરેપૂરું આવેલું છે. એ આત્મતત્ત્વમાં રહીને આધ્યાત્મિક માનવ તે તત્ત્વની પૂર્ણતામાં વિકાસ પામવાને પ્રયત્ન કરે છે. અને આ વિકાસમાં જે વાત ધ્યાનમાં રાખવાની છે કે આ કાર્ય તે વ્યક્તિ તરીકે ટકી રહીને કરે છે. જોકે આ સાધના કરતાં તેની પ્રકૃતિ એક સર્વવ્યાપી વિશ્વરૂપતામાં તો પહોંચે જ છે તેમ જ તેની વ્યાપકતા સજ્ઞાન રીતની હોય છે.

એ કેળવણી પોતાના ક્ષેત્રમાં જ્ઞાનમાત્રનો સમાવેશ તો કરશે જ, પરંતુ તેનું સારુંયે વલણ, તેનું સમગ્ર લક્ષ્ય, તેની પાછળની વ્યાપક ભાવના તે આત્મતત્ત્વનો વિકાસ કરવો, આત્મતત્ત્વને પ્રાપ્ત કરવું એ જ રહેશે. માત્ર દુન્યવી રીતની કાર્યક્ષમતા મેળવવા માટે જ તે પ્રયત્ન નહિ કરે.

એ કેળવણી ભૌતિક વિજ્ઞાનનો, મનોવિજ્ઞાનનો અભ્યાસ કરશે, પરંતુ તે અભ્યાસ માત્ર જગતની તથા પ્રકૃતિની ક્રિયા પ્રક્રિયાઓને જાણવા માટે તથા તે જ્ઞાનને જીવનના સ્થૂલ હેતુઓ અર્થે પ્રયોજવા માટે જ નહિ કરે. આ વિજ્ઞાન દ્વારા કેળવણી જગતના સર્વ પદાર્થોની અંદર, ઉપર, હેઠળ તથા તે દ્વારા પ્રગટ થઈ રહેલા પરમાત્માને જાણવા પ્રયત્ન કરશે, જગતમાં પોતાના ઉપર બુરખાઓ ધારણ કરીને અને એ બુરખાઓ પાછળ છુપાઈને કામ કરતા આત્માને, એ આત્માની ગતિરીતિને જાણવા પ્રયત્ન કરશે. એ કેળવણી નીતિશાસ્ત્ર મારફતે સમાજના પ્રચલિત નિયમોની પૂર્તિ કરનાર અથવા તો તેમાં થોડો વધુ સુધારો કરી આપનાર કોઈ આચારનિયમની સ્થાપના કરવા નહિ ઇચ્છે. અત્યારના સમાજના નિયમો તો આ બેપગા માનવસમુદાયે ઉપજાવેલા માત્ર ટોળાના નિયમો છે, અને ઘણુંખરું તો એ બેઢંગા અને અજ્ઞાનભરેલા જ હોય છે. એવા નિયમોની આસપાસ જ ગતિ ન કરતાં આ નીતિશાસ્ત્ર માનવમાં રહેલી દિવ્ય પ્રકૃતિને વિકસાવવાનાં સાધનો શોધવાનો પ્રયત્ન કરશે. એ કેળવણી કળા મારફતે આંતર કે બાહ્ય જગતનાં ચિત્રો રજૂ કરવાની જ દૃષ્ટિ નહિ રાખે. પરંતુ કળાને તે વસ્તુઓના બાહ્ય દેખાવોની પાછળ જઈને જોઈ શકતી એક રહસ્યગ્રાહી અને સર્જક દૃષ્ટિવાળી વસ્તુ બતાવશે અને એવી કળા મારફતે સૌન્દર્ય અને સત્યનો આવિર્ભાવ કરાવશે. આ જગતના આપણને દશ્ય તેમ જ અદશ્ય પદાર્થો તે એ જ સૌન્દર્ય અને સત્યનાં સ્વરૂપો છે, તેનાં અવગુંઠનો યા તો પ્રતીકો અને રહસ્યપૂર્ણ આકારો છે.

**નૂતન સમાજવિદ્યા : સમાનતાનો પાયો**

આધ્યાત્મિક બનેલો સમાજ પોતાની સમાજવિદ્યામાં વ્યક્તિને, સંતથી માંડીને તે ગુનાખોર સુધીની સર્વ વ્યક્તિઓને સમાજજીવનના વિવિધ પ્રશ્નો રૂપે નહિ નિહાળે અને એમ ગણીને તે બધાને કોઈ ખૂબીપૂર્વક રચેલા તંત્રમાંથી પસાર કરી દઈ આખા સમાજ માટે ગોઠવેલા કોઈ એક બીબામાં ઢાળીને હરેકને એકસરખા સપાટ કરી નાખવાનો પ્રયત્ન નહિ કરે, યા તો પછી એ તંત્રયંત્રમાં તેમને પીસીને નિષ્પ્રાણ કરી દેવા નહિ માગે. આધ્યાત્મિક સમાજની સમાજવિદ્યા વ્યક્તિને આત્મા રૂપે જોશે. એ જોશે કે આ અનેકવિધ કક્ષાઓના આત્મામાંથી કેટલાક અવિદ્યાની જાળમાં સપડાઈ ગયેલા છે અને તેથી દુ:ખી દુ:ખી થઈ રહેલા છે, તો કેટલાક પોતાના નૈસર્ગિક વિકાસને માર્ગે આગળ જઈ રહેલા છે, તો વળી કેટલાક વિકાસ પામીને પુષ્ટ બનેલા છે. એ સમાજવિદ્યા આ દુ:ખી આત્માઓને તેમની દુર્દશામાંથી છોડાવવાનો પ્રયત્ન કરશે, વિકસી રહેલા આત્માઓને તેમના વિકાસ પંથે પ્રોત્સાહન આપશે, અને વિકસી ચૂકેલા આત્માઓ પાસેથી હજી અવિકસિત રહેલા બાલ આત્માઓ માટે તે શક્તિ તથા સહાય મેળવશે. આધ્યાત્મિક સમાજનું અર્થશાસ્ત્ર માત્ર વસ્તુઓના ઉત્પાદન માટેનું જ એક પ્રચંડ તંત્ર ઊભું કરવા પ્રયત્ન નહિ કરે, પછી તે ભલે સ્પર્ધારૂપનું હો કે સહકારરૂપનું હો. એ અર્થશાસ્ત્ર માનવોને અમુકને જ નહિ પરંતુ સર્વ કોઈને, દરેક વ્યક્તિને માટે શક્ય હોય તેટલા વધુમાં વધુ પ્રમાણમાં — પોતપોતાની પ્રકૃતિને અનુસરતો કામનો આનંદ આપવા પ્રયત્ન કરશે, દરેકને પોતાનો આંતર વિકાસ સાધવા માટે જોઈએ તેટલી ફુરસદ આપશે, હરેકને માટે તે એક સાદું છતાં સમૃદ્ધ અને સુંદર એવું જીવન રચી આપશે. આ આધ્યાત્મિક સમાજનું રાજકારણ

જગતનાં રાષ્ટ્રોને તેમના આંતરિક વ્યવહારની રીતે જોતાં તે માનવ દ્વારા સંચાલિત તથા શસ્ત્રસજ્જ થતાં રાજ્યરૂપી પ્રચંડ મહાયંત્રો જ હોય તેમ નહિ ગણે. એ સમાજમાં માનવ આ મહાયંત્રને જ પોતાનો ભગવાન સમજી, પોતાનું જ એક વિરાટ સ્વરૂપ સમજી તેની પૂજા નહિ કરે. એ રાજ્યતંત્રને અખંડ રાખવા માટે, તેને સમર્થ બનાવવા માટે, નિત્ય વધુને વધુ વિશાળ, વધુ સંકુલ અને વધુ ભારેખમ બનાવવા માટે, એ તંત્રમાં એક યંત્ર જેવી કાર્યક્ષમતા અને સમગ્રતા નિપજાવવા માટે, માનવ તેને પોકાર થતાંવેંત જ એ રાજ્ય-ભગવાનની વેદી ઉપર બીજાઓને, વધેરી નાખીને, તેમ જ એ વેદી ઉપર પોતાની જાતનો પણ વધ કરી દઈને સંતુષ્ટ નહિ રહેશે. વળી આ આધ્યાત્મિક રાજકારણ આ રાષ્ટ્રોને તેમના પરસ્પરના સંબંધોમાં એકબીજાને ઉપદ્રવ કરતાં અભદ્ર તંત્રો રૂપે જ નહિ નભાવી રાખે, શાંતિના કાળમાં તેમની મારફતે એકબીજા ઉપર ઝેરી વાયુઓ નહિ છોડાવે અને યુદ્ધના કાળમાં તેમની પાસે એકબીજાનાં લશ્કરો ઉપર તેમ જ કરોડો નિઃશસ્ત્ર માનવો ઉપર ધગધગતા ગોળા નહિ વરસાવે, અત્યારનાં રણક્ષેત્રો ઉપર ભમતી શત્રુની ટેન્કો પેઠે આ રાજ્યોને તે સામા પક્ષના સંહાર માટે નહિ ધકેલે. એ રાજકારણ માનવને આ રીતે રાજ્યતંત્રોને ટકાવી રાખવાના એક સાધન રૂપે જ નહિ ગણતાં હરેક પ્રજાને તે એક સમૂહ-આત્માઓ રૂપે ગણશે. એ એમ સમજશે કે જગતની દરેક પ્રજા પાછળ એક ગુપ્ત દિવ્યતા રહેલી છે, અને પોતાના માનવ સમુદાયોની અંદર તેણે એ દિવ્યતાને શોધવાની છે. વ્યક્તિની માફક આ રાષ્ટ્રરૂપ સમૂહ-આત્માઓએ પણ પોતપોતાની પ્રકૃતિને માર્ગે વિકાસ સાધવાનો છે અને એ વિકાસ દ્વારા પરસ્પરને સહાય કરવાની છે, માનવતાના એક સર્વસમાન કાર્યની અંદર આખીયે માનવજાતિને સહાય કરવાની છે. અને આખીયે માનવતા માટેનું આ સમાન એવું કાર્ય કયું હશે ? એ કાર્ય એટલે કે માનવજાતિએ વ્યક્તિમાં તેમ જ સમષ્ટિમાં રહેલા દિવ્ય તત્ત્વને શોધવાનું છે અને સર્વ માનવોના આંતર જીવનમાં તેમ જ બાહ્ય કર્મમાં અને પ્રકૃતિમાં એ દિવ્ય તત્ત્વની જે જે કાંઈ શક્યતાઓ રહેલી હોય, મહાનમાં મહાન, વિશાળમાં વિશાળ સમૃદ્ધમાં સમૃદ્ધ, ગહનમાં ગહન શક્યતાઓ હોય, તે બધીને માનવની આધ્યાત્મિક ભૂમિકામાં, મનની, પ્રાણની ભૂમિકામાં તેમ જ ઠેઠ સ્થૂલ જીવનની ભૂમિકામાં સિદ્ધ કરવાની છે.

### વિકાસ પામતી આંતરમુક્તિનો નિયમ

અને તેથી માનવજાતિમાં જ્યારે આધ્યાત્મિકતાનો યુગ સ્થાપિત થશે ત્યારે તે વખતની માનવતામાં એક વૃદ્ધિમાન થતી આંતર સ્વતંત્રતાના નિયમને જ સૌથી વધુ માનવંતું સ્થાન મળશે. હા, એ વાત ખરી છે કે જ્યાં સુધી માનવ આત્મજ્ઞાનમાં ઠીક ઠીક પહોંચ્યો નથી, આત્મજ્ઞાન તરફ તેણે પોતાનું મુખ બરાબર ગોઠવ્યું નથી ત્યાં સુધી બાહ્ય દબાણના નિયમમાંથી તે કદી છૂટી શકે તેમ નથી. એમ છૂટવા માટે તે જો કાંઈ પ્રયત્નો કરશે તો તે પ્રયત્નો નકામા જ નીવડવાના છે. જ્યાં લગી માનવ આત્મજ્ઞાનમાં પહોંચ્યો નથી ત્યાં સુધી તે બીજાઓનો ગુલામ છે, અને હમેશાં રહેવાનો પણ છે જ. આવો અનાત્મજ્ઞ માણસ પોતાના કુટુંબનો ગુલામ હોય છે, પોતાની જ્ઞાતિનો અને ટોળીનો ગુલામ હોય છે, પોતાના સંપ્રદાયનો અને સમાજનો ગુલામ

હોય છે, પોતાના દેશનો ગુલામ હોય છે. અજ્ઞ માણસ માટે આવી ગુલામી સિવાય બીજી કોઈ અવસ્થા શક્ય નથી, અને આ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર વગેરે પણ તેના ઉપર પોતાનું કઢંગું અને સમજરહિત દબાણ મૂક્યા વિના રહી શકવાનાં નથી. કારણ કે માનવ પોતે તેમ જ આ બધાં — જ્ઞાતિ, કુટુંબ, સમાજ, સંપ્રદાય, રાષ્ટ્ર એ સર્વે પોતે જ પોતાના અહંકારનાં, પોતાની નિમ્ન પ્રકૃતિનાં દાસ છે. બેશક, આ બધાં બાહ્ય દબાણોમાંથી હઠી જવાનો આપણા અંતરાત્માને અધિકાર છે જ. પરંતુ તે અધિકારને સ્થાપિત કરવા માટે આપણે આત્મતત્ત્વના દબાણનો અનુભવ કરવો પડશે, તેને આધીન બનવું પડશે, એ માટે આપણે આપણી નિમ્ન પ્રકૃતિને આપણામાં રહેલા દિવ્ય પુરુષની રાજીખુશીથી દાસ બનાવવી પડશે, એ પ્રભુનું તેને એક સજ્ઞાન અને પ્રકાશિત કરણ બનાવવી પડશે, અથવા આ પ્રભુનો તે ઉન્નત થયેલો અંશ હશે છતાં તેને પ્રભુને આપમેળે આધીન રહેનાર અંશ બનાવવી પડશે, પ્રભુની ભેરુ અને ભાગીદાર બનાવવી પડશે. આ દિવ્યતાને આપણે આધીન બની રહીએ એ આપણી સ્વતંત્રતા માટેની આવશ્યક શરત છે. કારણ, આધ્યાત્મિક સ્વતંત્રતાનો અર્થ એ નથી કે આપણે અહંકારના માર્ગે જગતમાં કેવળ આપણા અલગ મન અને પ્રાણની જ સ્થાપના કરતા રહીએ. સાચી આધ્યાત્મિક સ્વતંત્રતા તો એ છે કે આપણે આપણી અંદર, આપણી ઇન્દ્રિયોમાં તેમ જ આપણી આસપાસનાં સર્વમાં આવી રહેલા દિવ્ય સત્યને જ કેવલ આધીન બની રહીએ. પરંતુ આમ હોવા છતાં આપણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે આપણા સ્વરૂપના જે જે નૈસર્ગિક અંશો છે તે સર્વની સ્વતંત્રતાને પ્રભુ બહુ જ માનપૂર્વક જાળવે છે, એ સર્વ અંશોને પોતપોતાની પ્રકૃતિ મુજબ વિકસવાને પ્રભુ અવકાશ આપે છે. અને એ રીતે આપણી પ્રકૃતિના સર્વ અંશો પોતાનો વિલોપ કરીને નહિ પણ પોતા માટેનો નૈસર્ગિક વિકાસ સાધીને પોતામાં પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. આપણી પ્રકૃતિના અંશોને એ વસ્તુ સમજાવવા લાગે છે કે આ દિવ્ય તત્ત્વ એ જ તેમનું ઉત્તમોત્તમ સ્વરૂપ છે, તેમને મળતો પ્રકાશ અને શક્તિ એ દિવ્ય તત્ત્વમાંથી જ આવે છે. અને એ જ્ઞાન થયા પછી આ અંશોમાં પ્રભુને અર્થે અભીપ્સા જાગે છે, પ્રભુનો તેઓ સ્વીકાર કરે છે અને રાજીખુશીથી અનન્ય અને સંપૂર્ણભાવે પ્રભુને શરણે જાય છે. આમ આ આખો સંબંધ એક સ્વેચ્છાની, સ્વપસંદગીની ક્રિયા હોય છે. એટલે આપણે આધ્યાત્મિક જીવનમાં ગયા નથી હોતા ત્યારે પણ આપણને એ વાત દેખાઈ આવે છે કે આપણને જ્યારે શક્ય તેટલી વધુમાં વધુ વિશાળ સ્વતંત્રતા મળેલી હોય છે ત્યારે જ આપણો વધુમાં વધુ તંદુરસ્ત, સાચો અને જીવંત એવો વિકાસ થાય છે, ત્યારે જ આપણું કર્મ વિશેષમાં વિશેષ તંદુરસ્ત, સાચું અને જીવંત બની રહે છે. આથી ઊલટું આપણે એ પણ જોઈએ છીએ કે આપણા ઉપર જ્યારે કોઈ દબાણ બેહદનું થઈ જાય છે ત્યારે તેને લીધે આપણું જીવન ધીરે ધીરે ક્ષીણ થતું રહે છે, અથવા તો તે એક એવું ત્રાસ રૂપ બની જાય છે કે તેની સામે આપણી પ્રકૃતિ ગમે તેવું બંડ કરી ઊઠે છે, અથવા તો એવું બંડ કરી એ ત્રાસને નાબૂદ કરી નાખે છે. અને આ ઉપરથીજ આપણા પ્રાચીન તત્ત્વજ્ઞાન તથા ધર્મોએ કહેલું છે કે માણસને જ્યારે પોતાના આધ્યાત્મિક સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે એ જ્ઞાન થતાં વેંત જ, અથવા ઘણી વાર તો માણસ નિજ રૂપની ખોજ આદરે છે તેમાંથી જ, તેની મુક્તિનો આરંભ થઈ

જાય છે, બાહ્ય જગતના નિયમની ચૂડમાંથી તે છૂટે છે અને સ્વતંત્રતાની ભૂમિમાં તે પ્રવેશે છે.

માનવજાતિમાં જ્યારે આધ્યાત્મિકતાનો યુગ આવશે ત્યારે તેને આ સત્યનું જ્ઞાન થશે. એ યુગ યંત્રો મારફતે માનવને સંપૂર્ણ કરવાનો પ્રયત્ન નહિ કરે અથવા તો તેનાં અંગઉપાંગોને દોરીથી બાંધી રાખીને તેને સીધો રાખવા નહિ માગે. એ યુગમાંની માનવજાતિ પોતાના સમાજના સભ્યોને એમ નહિ કહેશે કે આ પોલીસનો માણસ, કે સરકારી અમલદાર કે લશ્કરી માણસ એ જ તારું ઉત્તમોત્તમ સ્વરૂપ છે, અથવા તો એથી આગળ વધીને તે એમ નહિ કહેશે કે આ સમાજવાદી નોકરશાહી કે મજદૂરોની સોવિયેત એ જ તારી અંતિમમાં અંતિમ ઉચ્ચ અવસ્થા છે. એ આધ્યાત્મિક યુગ માનવમાં રહેલા આત્માનું દિવ્ય આંતરિક દબાણ જાગૃત કરશે અને એ રસ્તે માનવ જીવનમાંથી બાહ્ય દબાણના તત્ત્વને બનતી ઝડપે અને બની શકે તેટલા પ્રમાણમાં ઘટાડી નાખવા પ્રયત્ન કરશે. આ ધ્યેયને સિદ્ધ કરવા તે જે કાંઈ તૈયાર રૂપ સાધનો વાપરશે તે બધાનું લક્ષ્ય પણ આ જ રીતનું હશે. એ યુગને જો કોઈ દબાણ વાપરવાની જરૂર પડશે તો છેવટના ઈલાજ તરીકે તે આધ્યાત્મિક દબાણ વાપરશે, જોકે સમાજની સાથે કામ લેવામાં તે માત્ર આ જ એક સાધન તો નહિ વાપરે પરંતુ તેનું મુખ્ય સાધન તો આ જ હશે. આવું દબાણ આધ્યાત્મિક બનેલી વ્યક્તિ પણ પોતાની આસપાસના માણસો ઉપર વાપરી શકે છે, તો પછી આધ્યાત્મિક બનેલો આખો સમાજ તો તે કરતાં પણ ઘણી વિશેષ અસરકારક રીતે વાપરી શકે છે. આ આધ્યાત્મિક દબાણ એક એવી વસ્તુ છે કે આપણી પ્રકૃતિ અંદરની બાજુથી તેનો ગમે તેટલો વિરોધ કરતી રહે તેમ જ બહારની બાજુથી તેનો ગમે તેટલો ઇનકાર પુકારતી રહે તો પણ તે આપણામાં પ્રકાશનું દબાણ જાગૃત કરી આપે છે, આપણી પ્રકૃતિના માર્ગે થઈને દિવ્ય તત્ત્વમાં વિકાસ પામવાની ઇચ્છા અને શક્તિને જગવી આપે છે. આમ સંપૂર્ણ રીતે આધ્યાત્મિક બનેલો સમાજ એક એવો સમાજ હશે કે જેમાં સર્વ માનવો પોતાના ગહન અંતરાત્મામાં પૂરેપૂરા સ્વતંત્ર હશે, કારણ એ સ્વતંત્રતા માટેની ભૂમિકા તેમનામાં બરાબર રચાઈ ગઈ હશે. આપણા આધ્યાત્મિક અરાજકતાવાદીઓ જે સૃષ્ટિનું સ્વપ્ન સેવી રહેલા છે તે સ્વપ્ન જગતમાં આ યુગમાં સિદ્ધ થયેલું હશે. એ આધ્યાત્મિક યુગમાં પ્રત્યેક માનવ એ પોતાનો નિયમ, પોતાનો ધર્મ બની રહેશે એમ નહિ પરંતુ એ પોતે જ સ્વયમેવ ધર્મ બની રહેશે, દિવ્ય ધર્મ બની રહેશે. કારણ એ યુગનો માનવ, જો સંપૂર્ણ રીતે નહિ તો મોટા પ્રમાણમાં, પોતાનાં અલગ હિતો અને હેતુઓ માટે જીવનાર એક અહંકાર જ નહિ, પરંતુ પરમાત્મામાં જીવી રહેલો એક જીવાત્મા બની રહેલો હશે. એ માનવનું જીવન અહંકારમાંથી મુક્ત બનેલી એવી તેની દિવ્ય પ્રકૃતિના ધર્મને અનુસરીને વ્યતીત થશે.

### એકતાનો નિયમ

આધ્યાત્મિક જીવન એ કોઈ આકાર વિનાની નહિ પણ સજ્ઞાન અને વૈવિધ્યમય એકતામાંથી જન્મનારું પુષ્પ છે. દરેક માનવે પોતાના અલગ સ્વરૂપને માર્ગે પોતામાં રહેલા પરમાત્મામાં પહોંચવાનું છે અને તેથી વ્યક્તિ જેમ જેમ વિકાસ પામતી જાય છે તેમ તેમ તેને અમુક પ્રમાણમાં વધુને વધુ સ્વતંત્રતા મળતી રહે એ જરૂરનું છે. અને આમ વધતાં વધતાં

માણસને જ્યારે પૂર્ણ સ્વતંત્રતા મળી શકશે ત્યારે સમજવું કે જગતમાં પૂર્ણ જીવન સ્થપાયું છે. પૂર્ણ સ્વતંત્રતા એ પૂર્ણ જીવનનો સંકેત છે, પૂર્ણ જીવન માટેની આવશ્યક ભૂમિકા છે. વળી વ્યક્તિને જ્યારે છેવટે આ રીતે પોતાની અંદર પરમાત્માનું દર્શન થાય છે ત્યારે તેને એ પણ દેખાવા લાગે છે કે એ પરમાત્મા તો બીજાઓમાં પણ એટલા જ રહેલા છે, સર્વ માનવોમાં તે એક જ આત્મા રૂપે રહેલા છે, અને આમાંથી પણ એ વસ્તુ ફલિત બને છે કે વ્યક્તિ બીજાઓની સાથે વધુને વધુ વિકસતી જતી આંતરિક એકતા પ્રાપ્ત કરે તે પણ તેના જીવનમાં એક જરૂરની વસ્તુ બની રહે છે. પૂર્ણ સ્વતંત્રતાની માફક પૂર્ણ એકતા એ પણ પૂર્ણ જીવનનો સંકેત છે, પૂર્ણ જીવન માટેની આવશ્યક ભૂમિકા છે. આમ વ્યક્તિ પોતાની અંદર પરમાત્માને જોશે અને પામશે એટલું જ નહિ પણ સર્વ કોઈની અંદર પણ તે પરમાત્માને જોશે અને પામશે, વ્યક્તિ પોતાની અંગત મુક્તિ કે પૂર્ણતા મેળવવાનો પ્રયત્ન કરશે એટલું જ નહિ પણ બીજાઓની મુક્તિ અને પૂર્ણતા મેળવવા માટે પણ તે પ્રયત્નશીલ રહેશે. આપણે જે પ્રભુને શોધી રહ્યા છીએ તે જો હરેક વ્યક્તિની અંદર રહેનાર એક અલગ અલગ દેવતા જ હોત, સર્વમાં રહેલા તે એકમાત્ર પરમાત્મા ન હોત, અથવા તો આપણે જો કેવળ પોતાને ખાતર જ પ્રભુને મેળવવા નીકળ્યા હોત તો તેનું પરિણામ કોઈ પ્રચંડ અહંકાર રૂપે આવીને ઊભું રહ્યું હોત. એ અહંકાર કોઈ ગેથેના જેવો ઑલિમ્પિયન અહંકાર જ બની રહે. અથવા તો નિત્શેએ કલ્પેલો તેવો કોઈ રાક્ષસી અહંકાર બની રહે, અથવા તો એ હાથીદાંતના મિનારા જેવું યા તો સ્ટાઇલાઇટિઝના* થાંભલા જેવું એક એકલવાયું આત્મજ્ઞાન જ બની રહે યા તો કોઈ સંન્યાસી માનસ જ બની રહે. પરંતુ જે માણસ સર્વ માનવોમાં પ્રભુને નિહાળે છે તે તો સર્વ માનવોમાં રહેલા પ્રભુની સેવા પણ બહુ જ પ્રેમપૂર્વક મોકળા મને કરવા લાગશે. એટલે કે આવો માનવ માત્ર પોતાની એકલાની જ સ્વતંત્રતા માટે નહિ, પણ પ્રાણીમાત્રની સ્વતંત્રતા માટે પ્રયત્ન કરશે, તે માત્ર પોતાની પૂર્ણતાની જ નહિ, પરંતુ સર્વ કોઈની પૂર્ણતા માટેની સાધના કરશે. આવી વ્યક્તિને પોતાનું વ્યક્તિત્વ જ્યારે વિશાળમાં વિશાળ વિશ્વરૂપ બનેલું જણાશે ત્યારે જ તે પૂર્ણ બન્યું છે એમ તે અનુભવશે, પોતાનું જીવન તેને જ્યારે વિશ્વરૂપ જીવન સાથે એકરૂપ થઈ ગયેલું જણાશે ત્યારે જ તેને પોતાના જીવનની પૂર્ણતા લાધેલી જણાશે. આવી વ્યક્તિ માત્ર પોતાને ખાતર યા તો રાજ્ય કે પછી સમાજને ખાતર જીવન નહિ ગાળે, પોતાના વ્યક્તિગત અહંકાર કે પછી સામુદાયિક અહંકારને ખાતર જ તે નહિ જીવે. એ વ્યક્તિ તો આ અહંકારથી પણ એક ઘણી મહાન એવી વસ્તુને ખાતર, પોતામાં રહેલા પ્રભુને ખાતર, વિશ્વમાં વસેલા પરમાત્માને ખાતર જીવન જીવતી હશે.

(માનવવિકાસ ચક્ર : પૃષ્ઠ – ૨૭૬થી ૨૮૪)

---

* આ સૅન્ટ સિમિઑન સ્ટાઇલાઇટિઝ (આસરે ઈ.સ. ૩૯૦–૪૫૯) એમ કહેવાય છે કે એક થાંભલા ઉપર ત્રીસ વરસ લગી રહ્યો હતો.

## માણસ આધ્યાત્મિક થવાની સહમતિ માત્ર આપે તો

આખરે આ સમસ્યા આવીને ખડી થાય છે કે માનવજાતિએ વિશુદ્ધ સુવર્ણની સ્થિતિ પ્રાપ્ત કરી છે, કે હજી તેને ભઠ્ઠીમાં નાંખી તપાવવાની જરૂર રહી છે ?

એક વાત સ્પષ્ટ છે કે માનવજાતિ હજી વિશુદ્ધ સુવર્ણ બની નથી. એ હકીકત તો સ્પષ્ટ દેખી શકાય તેવી, ચોક્કસ છે.

પણ જગતના ઈતિહાસમાં એવું કાંઈક બન્યું છે કે જેથી એવી આશા રાખી શકાય કે માનવજાતિમાંથી કેટલાક બહુ જ થોડા, પસંદ કરાયેલા લોકો વિશુદ્ધ સુવર્ણમાં રૂપાંતરિત થવા માટે તૈયાર થયેલા છે. તેઓ જુલ્મ કર્યા વગર બળ પ્રગટ કરી શકે તેમ છે, સંહાર વગર વીરતા બતાવી શકે તેમ છે, સંકટ વગર હિંમત બતાવી શકે તેમ છે.

અત્યારે, ફરી એકવાર, આપણે પૃથ્વીના ઈતિહાસમાં એક નિર્ણયાત્મક વળાંક પાસે આવીને ઊભાં છીએ. ચારેય બાજુએથી મને પૂછવામાં આવે છે કે હવે શું થશે ? સર્વત્ર પીડા, અપેક્ષા, ભીતિ વ્યાપી રહેલી છે. તે પ્રશ્નનો એક જ જવાબ છે કે માણસે આધ્યાત્મિક બનવામાં સંમતિ આપવી જોઈએ.

થોડાક માણસો વિશુદ્ધ કુંદન બને એટલું પૂરતું છે, કારણ કે તેથી ઘટનાઓનો માર્ગ પલટાઈ જશે. આપણી સામે આ જરૂરિયાત ખૂબ ગંભીરતાપૂર્વક આવીને ખડી થઈ ગઈ છે.

ભગવાન આપણી પાસે જે હિંમતની, વીરતાની અપેક્ષા રાખે છે તેનો ઉપયોગ આપણી પોતાની મુશ્કેલીઓ, અપૂર્ણતાઓ, અજ્ઞાન સાથે ઝગડવામાં શા માટે ન કરવો જોઈએ ? વીરતાપૂર્વક આંતર વિશુદ્ધિની ભઠ્ઠી શા માટે ન સ્વીકારી લેવી, કે જેથી ફરી વાર તે ભીષણ, રાક્ષસી સંહારમાંથી આપણે પસાર ન થવું પડે, જે સંહાર સમગ્ર સંસ્કૃતિને અંધકારમાં ફંગોળી દે છે ?

આ સમસ્યા આપણી સામે ખડી છે. દરેક જણે પોતાની રીતે તેનો ઉકેલ લાવવાનો છે.

આજે સાંજે મને પૂછાયેલા પ્રશ્નોનો જવાબ હું આપી રહી છું. મારો જવાબ શ્રી અરવિન્દના જેવો જ છે. "જો માણસ આધ્યાત્મિક બનવામાં સંમતિ આપે તો...."?

હું ઉમેરીશ કે, માનવ દૃષ્ટિબિંદુથી જોતાં, કાલદેવતા તેની આગ્રહપૂર્વક માંગ કરી રહ્યા છે. જો માણસ એક વાર આધ્યાત્મિક બનવામાં સંમતિ આપે તો બધું જ પલટાઈ જાય. પણ તેની માનસિક, પ્રાણિક, શારીરિક પ્રકૃતિ ઉચ્ચતર નિયમ પ્રત્યે બળવો પોકારતી હોય છે. માનવ પોતાની અપૂર્ણતાને ચાહે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ પૃષ્ઠ - ૭૩થી ૭૫)

## આપણે એક ઊંચો કૂદકો મારવો જ જોઈએ

આપણને ખરેખર એમ લાગે છે કે જગત ભારે દુર્દશામાં આવી પડ્યું છે.

હા, ઓહ ! હા.

**અને વ્યક્તિઓ**

આજ સવારથી, એમ ચાલે છે — હડતાળો, ઝગડાઓ, ગોટાળા.... અને પછી એવી

લાગણી થાય છે કે જેમણે આ ગોટાળા ઊભા કર્યા છે તેમની મદદ વડે જ સુવ્યવસ્થાને પાછી સ્થાપિત કરવી જોઈએ. એ જ વસ્તુ કરવાની છે. આ જે સામાન્ય રીતની શુભેચ્છા છે અને આ બધા જે નૈતિક અને સામાજિક નિયમો છે — અને એ બધું ભોંયભેગું થઈ ગયું છે — એમને બદલે ઉપર ચડવું જોઈએ, ભગવાનનો દિવ્ય સંકલ્પ અને દિવ્ય સંવાદમયતા લઈ આવવાં જોઈએ. આપણે એ માગીએ છીએ. અને પછી જે લોકોએ વસ્તુઓના સામાન્ય નિયમોની સામે તથા સામાન્ય રીતની સામાજિક રૂઢિઓની સામે બંડ કરેલું છે : સાબિત કરી આપો કે તમે એક વધારે ઊંચી ચેતના સાથે અને એક વધારે સાચા સત્ય સાથે સંબંધમાં રહેલા છો.

એ કરવાનો સમય આવી પહોંચ્યો છે.... (ઊંચે કૂદકો મારવાની ક્રિયા.)

અને સંગઠન શક્તિની દૃષ્ટિથી જોતાં, આ એક એવી શક્તિ છે.... અત્યંત બળવાળી. એ એક આશ્ચર્યની વાત છે. અને પછી, આ શક્તિને એક વધારે ઉચ્ચ સુવ્યવસ્થાના હાથમાં, વધારે સાચી ચેતનાના હાથમાં મુકવામાં આવે.... તો કાંઈક થઈ શકે ખરું.

આપણે.... એક ઊંચે કૂદકો મારવો જોઈએ.

જે લોકો ફરીથી સુવ્યવસ્થા લાવવા માગતા હોય છે તેઓ બધી રીતના જૂના વિચારોમાં પાછા ખેંચી જતા હોય છે — એટલે જ તેમને સફળતા મળતી નથી હોતી. એ વસ્તુ તો પૂરી થઈ ગઈ છે. એ તો પૂરી થઈ ગઈ છે. આપણે તો ઉપર ચડીએ છીએ. જે લોકો ઉપર ચડી શકે છે, તેઓ જ માત્ર કામ કરી શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૧ પૃષ્ઠ - ૨૬૯થી ૭૦)

*

*જગત ત્રણ પ્રકારની ક્રાંતિને જાણે છે : ભૌતિક ક્રાંતિનાં પરિણામો આકરાં હોય છે, નૈતિક અને બૌદ્ધિક ક્રાંતિઓનાં ક્ષેત્રો અનંતગુણ વિશાળ હોઈ તેનાં પરિણામો વધુ સમૃદ્ધ હોય છે; પરંતુ આધ્યાત્મિક ક્રાંતિઓ મહાન બીજવપન જેવી હોય છે.*

*આજે આપણે જગતમાં જે જે ફેરફારો થતા જોઈએ છીએ તે સઘળાના આદર્શ અને આશય બુદ્ધિપ્રધાન, નૈતિક તથા શારીરિક છે : આધ્યાત્મિક ક્રાંતિ થવાને હજી વાર છે, તે પોતાના સમયની રાહ જુએ છે, અને દરમિયાન પોતાના તરંગો અહીં તહીં પ્રગટ કરે છે. જ્યાં સુધી એ ક્રાંતિ નહિ આવે ત્યાં સુધી બીજી બધી ક્રાંતિઓનો મર્મ અને અર્થ સમજી શકાય તેમ નથી અને ત્યાં સુધી હમણાં જે ઘટનાઓ બને છે તેની સમગ્ર સમજૂતી અને માનવના ભાવિનું કથન કરવું નિરર્થક છે, કારણ કે એ ક્રાંતિ જે સ્વરૂપે, જે શક્તિ લઈને આવશે, અને જે ઘટનાઓ ઊભી કરશે તેમાંથી જ આપણી માનવજાતિના આગામી યુગનું નિર્માણ થશે.*

*(વિચારરત્નો અને જ્યોતિઝાંખી : પૃષ્ઠ - ૨૨-૨૩)*

# પરિવર્તનની લહેરો

આ વાતને સાદી રીતે મૂકીએ તો, શ્રી અરવિન્દે જેને અધિમનસ સૃષ્ટિ કહી હતી તે જૂનું જગત દેવોનો અને ધર્મોનો યુગ હતો. પરમતત્ત્વ પ્રત્યેના માનવીય પ્રયાસના પુષ્પે અસંખ્ય ધાર્મિક રૂપોને, શ્રેષ્ઠ જીવાત્માઓ અને અદૃશ્ય જગત વચ્ચેના ધાર્મિક સંબંધને પ્રગટાવ્યા હતા. તે સર્વના શિખર પર, ઉચ્ચતર સાક્ષાત્કાર પ્રત્યે પ્રયાસના રૂપમાં, બધા ધર્મોની એકતાનો વિચાર ઉદ્ભવ્યો છે, આ સર્વ આવિર્ભાવોની પીઠમાં રહેલી એક વસ્તુનો વિચાર ઉદ્ભવ્યો છે. આ વિચાર ખરેખર માનવીય અભીપ્સાની છેલ્લામાં છેલ્લી મર્યાદા છે. તે સીમાડા પર છે. તે હજી સંપૂર્ણપણે અધિમનસના જગતની છે. તે અધિમનસની સૃષ્ટિ ત્યાંથી આ નવીન સૃષ્ટિ પ્રત્યે દૃષ્ટિ નાંખી રહી છે, પણ તેને તે સમજી શકતી નથી. તેને પહોંચવાનો તે પ્રયત્ન કરે છે. તેને આવતી તે અનુભવી શકે છે, પણ સમજી શકતી નથી. જો વસ્તુઓ તદ્દન પલટાઈ જાય, જો અદલાબદલી થઈ જાય તો જ તે તેને સમજી શકાય. અધિ-મનસની સૃષ્ટિનો ત્યાગ કરવાની જરૂર છે. તેની જગ્યાએ અતિમાનસ સૃષ્ટિ, આ નવીન સૃષ્ટિ આવે એ જરૂરી છે.

હવે આ બધી જૂની વસ્તુઓ ખૂબ જૂની લાગે છે, સમય બહારની મરજી મુજબ કરાયેલી, વાસ્તવિક સત્યની ઠઠ્ઠા-મશ્કરી સમાન લાગે છે.

અતિમાનસ સૃષ્ટિમાં કોઈ ધર્મો નહિ હોય. સમગ્ર જીવન જગતમાં પ્રગટ થતી દિવ્ય એકતાની અભિવ્યક્તિ હશે. રૂપોમાં ખિલવવાની ક્રિયારૂપ હશે. માણસો અત્યારે જેમને દેવો કહે છે, તે પણ તે સૃષ્ટિમાં નહિ હોય.

આ મહાન દિવ્ય સત્ત્વો પોતે જ આ નવી સૃષ્ટિમાં ભાગ લેવા શક્તિમાન બનશે. પણ તેમ કરવા માટે તેમણે પૃથ્વી પર અતિમાનસ તત્ત્વને ધારણ કરવું પડશે. જો તેમાંનાં કેટલાંક પોતાના જગતમાં પોતે છે તેવાં જ રહેવા માગશે, જો તે ભૌતિક રીતે પ્રગટ થવાનો નિર્ણય નહિ કરે, તો અતિમાનસ સૃષ્ટિનાં સત્ત્વો સાથે તેમનો સંબંધ મિત્રો તરીકેનો રહેશે, સહકાર્યકરો તરીકેનો, સમાન દરજ્જાના સત્ત્વો તરીકેનો રહેશે, કારણ કે પૃથ્વી પર નવીન અતિમાનસ જગતનાં સત્ત્વોમાં ઉચ્ચત્તમ દિવ્ય તત્ત્વ પ્રગટ થયું હશે.

જ્યારે ભૌતિક પદાર્થતત્ત્વનું અતિમાનસીકરણ થશે, ત્યારે પૃથ્વી પર અવતરવું એ નિકૃષ્ટતાનું કારણ નહિ હોય, તેથી તદ્દન ઉલટી જ વાત હશે, તે એક એવી પરિપૂર્ણતા હશે, કે જે તેમ કર્યા સિવાય ન બને. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ : પૃષ્ઠ - ૧૪૪-૪૫)

*

## પૃથ્વી માટે જીતી લેવાની ત્રણ વસ્તુઓ

શ્રી અરવિન્દે મને જણાવ્યું હતું કે ત્રણ મુશ્કેલીઓ છે, અને એ ત્રણ વસ્તુઓને પૃથ્વીને માટે જીતી લેવાની રહે છે જેથી પૃથ્વી તૈયાર થઈ શકે. (આ એકદમ બાહ્ય દૃષ્ટિબિંદુએ જોતાં, હું મનોમય દૃષ્ટિબિંદુએ વાત કરતી નથી.) એ ત્રણ વસ્તુઓ છે : સરકાર, ધન, આરોગ્ય.

આ ત્રણમાંથી આરોગ્ય આંતરિક રૂપાંતર સાથે સીધેસીધું સંકળાયેલું છે; પરંતુ સંપૂર્ણપણે નહિ. કારણ બહારથી અંદર આવતી રહેતી વસ્તુઓ પર એ સતત આધારિત હોય છે : અસરો, આંદોલનો, — બહારથી આવતી ચેપી હવા. તમારે ભોજન લેવું પડે છે. અને ભોજન સાથે તમે દરેક વસ્તુઓ અંદર લો છો. આ વિલક્ષણતા છે ! એમાં એટલી બધી વસ્તુઓ સંકળાયેલી છે કે ખોરાક લેવો એ એક મહત્ત્વનું કાર્ય બની રહે છે — ભૌતિક પાચનની પ્રક્રિયા તો જાણે કંઈ જ નથી. પરંતુ બાકીનું સર્વ જે ખોરાક સાથે આવતું હોય છે તેને અનુકૂળ થવું, એને પચાવવું, આત્મસાત્ કરવું એ જ મોટું કામ હોય છે. આના પરિણામસ્વરૂપ, ત્રણ વસ્તુઓમાંનું આ, આરોગ્ય એ આંતર પ્રગતિની સીધેસીધી અસર હેઠળ વધુ હોય છે. પરંતુ, મેં જેમ જણાવ્યું તેમ સંપૂર્ણપણે નહિ. અને માટે જ, આને પણ જીતી લેવાનું રહે છે. ધનની વાત, શ્રી અરવિન્દ જ્યારે અહીં હતા, તેઓની સ્થૂળ હાજરીમાં, જેટલા ધનની જરૂર રહેતી તે આવી મળતું હતું. અલબત્ત, છેલ્લાં બે વર્ષ (એમની સ્થૂળ હાજરીના) મુશ્કેલીની શરૂઆતનાં વર્ષો બની રહ્યાં હતાં અને તેઓ એ કહેતા રહેતા હતા કે એનું કારણ (મુશ્કેલીની શરૂઆતનું કારણ) આપણી આસપાસના લોકોનું ખોટું વલણ હતું. મને લાગે છે, મેં તમને આ વિશે અગાઉ જણાવ્યું હતું કે આ ખોટું વલણ એ એક મોટો પ્રશ્ન છે, એ વધુ મોટો બનતો ગયો છે. એ એકદમ ગંભીર પ્રશ્ન બની ગયો છે.

સરકારનો પ્રશ્ન છે, તો એમાં વર્તુળ ઊંધી દિશામાં ફરી રહ્યું છે : શરૂઆતમાં સરકારનું વલણ અતિશય દુશ્મનાવટભર્યું હતું. હું જે કહેવા માગું છું તે એ કે અહીં રહેવા માટે, ટકી રહેવા માટે પ્રત્યેક ક્ષણે અમારે સંઘર્ષ કરવો પડતો હતો. અને શ્રી અરવિન્દે મને જણાવ્યું હતું કે કદાચ, ધન અને આરોગ્ય એકદમ રસ્તો કરી આપે, આરોગ્ય સૌ પ્રથમ અને ધન એના પછી....' અને એમણે ઉમેર્યું હતું : સરકાર બાબતે, માત્ર એક જ નિરાકરણ છે, અને એ છે : આપણે સરકાર બની જવું. તમે પોતે જ સરકાર ન બનો તો તમે કદાપિ એને જીતી લઈ શકો નહિ.... સિવાય કે પૃથ્વીનું જ રૂપાંતર થઈ ગયું હોય — અને ત્યારે તો પછી કોઈ કાર્ય કરવાનું રહે જ નહિ ! (The Mother : Conversations with a disciple : October 19, 1963)

## નૂતન વિશ્વમાં સ્ત્રીઓનું સ્થાન

એ સાચું છે કે અત્યાર સુધીનો રિવાજ એવો રહેલો છે કે જ્યારે પણ કોઈ મહત્ત્વની ઘટનાઓ કે કાર્યો હાથ ઉપર લેવાનાં હોય છે ત્યારે એક ઉપેક્ષાભર્યા અને ઉપકૃત કરતા હોય એવા સ્મિત સાથે સ્ત્રીઓને એક ખૂણે બેસાડી દેવામાં આવે છે અને જાણે કે એમ સૂચવવામાં

આવે છે કે 'તમે તો બિચારાં, ગરીબડાં, દુર્બળ, નકામાં પ્રાણીઓ છો, આ બધામાં તમારું કોઈ કામ નહિ'... અને કંઈ નહિ તો ઘણાખરા દેશોમાં સ્ત્રીઓએ પણ બાળક જેવા આધીનપણાના, કદાચ અકર્મણ્યભાવને કારણે પણ, આ ખેદજનક પરિસ્થિતિને સ્વીકારી પણ લીધી છે. હું એમ કહેવાનું સાહસ કરું છું કે આ બાબતમાં તેઓ ભૂલ કરે છે.

હવેના ભવિષ્યમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે આ પ્રકારની અસમતુલા કે ભેદને જીવનમાં કોઈ પ્રકારનું સ્થાન નહિ રહે. સ્ત્રીજાતિ અને પુરુષજાતિ વચ્ચેના સાચા સંબંધનો પાયો, એકમેકને સહાય કરવા ઉપર અને એકબીજા સાથે ઘનિષ્ઠ રીતનો સહકાર કરવા ઉપર રહેલો છે. અને માટે જ આપણે હવે આપણું નિયત સ્થાન ફરીથી પ્રાપ્ત કરી લેવું જોઈએ. આપણે આપણું યથાયોગ્ય સ્થાન પ્રાપ્ત કરીને, આધ્યાત્મિક ઘડતર ઘડનાર અને કેળવણી આપનાર તરીકે જે આપણું સાચું મહત્ત્વ છે તેને અડગપણે આગળ લાવવું જોઈશે. એ ખરું છે કે કેટલાક પુરુષો, પોતાની લાભદાયક પરિસ્થિતિ વિશે, થોડીક મિથ્યા આપવડાઈની લાગણી સેવે છે. અને એ લોકો, સ્ત્રીની જે આ દેખીતી રીતની નિર્બળતા કહેવાય છે (જો કે હવે તો આ બાહ્ય નિર્બળતા વિશે પણ તદ્દન નિશ્ચિત પ્રકારનું વિધાન કરી શકાય તેવું રહ્યું નથી) તેને લઈને, સ્ત્રીઓ પ્રત્યે તિરસ્કારની લાગણી સેવે છે. પરંતુ જેમ એક ઠેકાણે યોગ્ય રીતે જ કહેવામાં આવેલું કે 'પુરુષને જે ફાવે તે એ ભલે કરે, છતાં, અતિમાનવનો જન્મ તો સ્ત્રી વડે જ થવાનો છે.'

અતિમાનવનો જન્મ સ્ત્રીઓ દ્વારા જ થવાનો છે એ તો એક અપરિહાર્ય સત્ય છે; પરંતુ એ સત્ય હકીકતને કારણે આપણે કેવળ મગરૂર બની રહીએ તેટલા માત્રથી ચાલશે નહિ. આપણે અતિમાનવના સર્જનની ઘટનાના સાચા અર્થને સમજવો પડશે, એને લઈને આપણા ઉપર જે જવાબદારી આવે છે તેના વિશે સભાન થવું પડશે અને આપણી સમક્ષ આ જે મહાન કાર્ય મુકવામાં આવ્યું છે તેને ખરા અંતરથી પાર પાડતાં શીખવું જોઈશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૨ પૃષ્ઠ - ૨૪૯)

*

**લગ્નસંસ્થાનો અંત**

...ચોક્કસ, લગ્નનો સમગ્ર વિચાર જ રમૂજી છે, કારણ કે હું તે વસ્તુને બાલિશ ગણું છું.

તમે જાણો છો કે ઑરોવિલમાં લગ્નો હશે નહિ. જો કોઈ પુરુષ અને સ્ત્રી એકબીજાને ચાહે અને તેમની સાથે રહેવાની ઇચ્છા હોય તો કોઈ પણ જાતની વિધિ વગર તેઓ તેમ કરી શકે છે. જો તેમને છૂટાં પડવું હોય તો પણ તેઓ મુક્ત રીતે તે પ્રમાણે કરી શકે છે. જ્યારે લોકો એકબીજાને ચાહતાં બંધ થાય ત્યાર પછી શા માટે તેઓને સાથે રહેવા માટે ફરજ પાડવી જોઈએ ? આ બાબતમાં જો લોકો મુક્ત હોય તો ઘણા સંખ્યાબંધ ગુનાઓ અટકાવી શકાય. તે લોકોને એકબીજાની વસ્તુઓ છુપાવવી ન પડે અથવા છૂટા થવા માટે ગુનાઓનું પણ આચરણ કરવું ન પડે. જો તેઓ એકબીજાને ચોક્કસ સાચી રીતે ચાહતાં હોય તો સ્વાભાવિક

રીતે જ તેઓ સાથે રહેવાનું ચાલુ રાખશે. અને તે માટે તેમને કોઈ કાયદાથી ફરજ પાડવામાં આવશે નહિ. એટલા માટે આ લગ્નનો સમારંભ અને વિધિ બાલિશ છે.

ઑરોવિલમાં જન્મેલાં બાળકોને કૌટુંબિક નામ નહિ હોય. તેમને ફક્ત તેમનું પ્રથમ નામ હશે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૩ પૃષ્ઠ - ૧૯૨)

*

**સંબંધનો એક નૂતન અને સાચો આધાર**

(શ્રી માતાજીએ સૂચન કર્યું હતું કે નીચે મુજબનો એમનો લગ્ન વિશેનો સંદેશ એમના ઉપર્યુક્ત નિવેદન સાથે પ્રસિદ્ધ કરવો.)

તમારા ભૌતિક જીવનને અને તમારા સ્થૂલ લાભોને એકત્રિત કરવા, તમારી મુશ્કેલીઓ અને સફળતા તથા નિષ્ફળતાઓનો સામનો કરવા માટે ભાગીદાર બનવું તે લગ્ન માટેનો પાયો છે; પરંતુ તમે તો જાણો છો કે એટલું જ પૂરતું નથી.

તમારી લાગણીઓમાં એકતા પ્રાપ્ત કરવા માટે, એક જ પ્રકારના કલાત્મક રસ અને આનંદ હોવાં, — એક જ વસ્તુઓથી એકસરખી રીતે અસર પામી, એકબીજાની મારફતે અને એકબીજાને માટે — તે સારું છે, તે જરૂરી છે, પણ તે પૂરતું નથી.

તમારી ઊંડાણની લાગણીઓમાં એક રહેવું, જીવનમાં ગમે તેટલા ફટકાઓ પડે તેમ છતાં ફેરફાર પામ્યા સિવાય એકબીજા માટે લાગણી અને કોમળતા રાખવી અને દરેક કંટાળો, ગુસ્સો અને નિરાશાની સામે ટકી રહેવું, સતત અને દરેક પ્રસંગે સુખી રહેવું, સાથે જ રહેવું, દરેક સંજોગોમાં એકબીજામાં સ્થિરતા, શાંતિ અને આનંદ રાખવો — તે સારું છે, ઘણું સારું છે, તે અનિવાર્ય છે, પરંતુ તે પૂરતું નથી.

તે બધાની પેલે પાર, ઊંડાણોમાં, કેન્દ્રમાં, સ્વરૂપની ટોચ ઉપર, સ્વરૂપનું એક પરમ સત્ય છે, એક શાશ્વત પ્રકાશ છે, જે જન્મ, દેશ, સંજોગો અને શિક્ષણના સર્વ સંજોગોથી બિલકુલ સ્વતંત્ર છે. આ છે મૂળ, આપણા આધ્યાત્મિક વિકાસનું કારણ અને એના સ્વામી. તે (પરમ તત્ત્વ) આપણને જીવનમાં પરમ માર્ગદર્શન આપે છે - તે જ આપણા ભાગ્યનો નિર્માતા છે. તમારે તે (પરમ)ની ચેતના સાથે ઐક્ય સાધવાનું છે. તેની અભીપ્સા અને ઊર્ધ્વગમનમાં એક થવું: એક જ ગતિએ, એક જ આધ્યાત્મિક માર્ગ ઉપર આગળ ધપવું, તે એક શાશ્વત ઐક્યનું ગુપ્ત રહસ્ય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૩ પૃષ્ઠ - ૧૯૩)

*

**નૂતન આવિર્ભાવ**

દરેક વખતે જ્યારે સમગ્ર સંયોગીકરણોમાં એક નવીન તત્ત્વ ઉમેરાય છે ત્યારે તે તેમની મર્યાદાને ચીરી નાખે છે. જૂની મર્યાદાઓ અદૃશ્ય થઈ જાય છે અને જૂની શક્યતાઓમાં અનંતગણી નવીન શક્યતાઓનો ઉમેરો થાય છે. એટલે તમે એવું જગત જુઓ છો કે જેમાં પ્રાચીન જ્ઞાન અનુસાર બાર ઊંડાણો અથવા ક્રમિક માપો હતાં. એ બાર માપોમાં ઓચિંતાં નવીન

માપો આવી પડે છે. એટલે પછી જૂની ફોર્મ્યુલાઓ તરત પરિવર્તિત થઈ જાય છે અને જૂના પ્રગટીકરણની સમગ્ર શક્યતામાં નવીન શક્યતાઓનો ઉમેરો થાય છે. અને આ નવીન તર્કની આગળ પહેલાંનો સર્વ તર્ક અતાર્કિક બની જાય છે....

તદ્દન મર્યાદિત અને બાહ્ય દૃષ્ટિબિંદુથી હું હવે અમુક એવી વસ્તુઓ વિશે વાત કરીશ, કે જે મારી અનુભૂતિમાં નથી આવી, પણ જેમને વિશે મેં સાંભળ્યું છે. દા.ત. પ્રતિભાશાળી બાળકોની સંખ્યા વધી છે. હું એવા કોઈ બાળકને મળી નથી, એટલે તેમાં શું અસાધારણ અથવા અદભુત પ્રતિભા શી છે તેને વિશે હું તમને કહી નહિ શકું. છતાં પણ એમ સાંભળવા મળ્યું છે કે સ્પષ્ટ રીતે એવા કેટલાક નવીન દાખલાઓ છે, માનવ ચેતનાને આશ્ચર્યકારક લાગે છે. શું બની રહ્યું છે તે જાણવા માટે આપણે આવા દાખલાઓ જાણવા જોઈએ એમ મને લાગે છે. એવી વસ્તુઓ અત્યારે બની રહી છે, જેમનું અવલોકન કરવાની આપણને ટેવ નથી. પણ એ સમજાવવાનો — તેમનો અર્થ શોધી કાઢવાનો સવાલ છે. મેં હમણાં જે કહી તે એક જ વાતની મને ખાતરી છે કે વિશ્વમાંનાં શક્ય સંયોગીકરણોની ગુણવત્તા, સંખ્યા અને સ્વભાવ ઓચિંતાં એટલાં બધાં પરિવર્તિત થઈ જવાનાં છે કે શોધ કરનાર લોકોને તે ખૂબ ગૂંચવાડામાં મૂકી શકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃષ્ઠ - ૨૯૩-૯૫)

*

## નૂતન ઉષાનાં બાળકો

તાજેતરમાં બુધવારના એક વર્ગમાં, આપણે અદભુત પ્રતિભાશાળી બાળકો વિશે વાત કરી હતી. કેટલાક લોકો કહે છે કે તેવાં બાળકોની સંખ્યા ખૂબ વધતી જાય છે. કેટલાક અમેરિકનો પણ કહે છે કે શ્રી અરવિન્દના કાર્યનું તે પરિણામ છે. બીજા કેટલાક કહે છે કે તે ઍટમ-બોમ્બનું પરિણામ છે ! પણ મોટી સંખ્યામાં પ્રતિભાશાલી બાળકો જન્મે છે એ હકીકત છે. મારી પાસે તેની સાબિતી નથી, એટલે હું તે વિશે બહુ બોલવા માગતી ન હતી. પણ બન્યું એવું કે આઠ વર્ષની ઉમ્મરના એક ફ્રેન્ચ બાળકે[૧] લખેલા પુસ્તકને કોઈક મારી પાસે લઈ આવ્યું. સ્વાભાવિક રીતે જ કેટલાક લોકો આ શક્યતા વિશે શંકા ઊઠાવે છે, પણ પછીથી હું તમને સમજાવીશ કે આ વસ્તુ કેવી રીતે શક્ય છે.

આઠ વર્ષની ઉમ્મરના બાળક માટે તે પુસ્તક નોંધપાત્ર ગણાય. એનો અર્થ એવો નથી કે જો બાળકની ઉમ્મર જાણી ન શકાઈ હોત તો પુસ્તક અદ્‌ભુત ગણાત. પણ તે પુસ્તકમાં કેટલાંક આશ્ચર્યકારક વાક્યો છે. મેં આ વાક્યો ટપકાવી લીધાં છે, તેમને હું તમારી સમક્ષ વાંચી બતાવીશ. (શ્રી માતાજી પુસ્તકનાં પાનાં ઉથલાવે છે.)

"જો આપણે એક-બીજાને સાચી રીતે ચાહીએ, તો આપણને એક-બીજાથી સંતાડવાનું કશું જ ન રહે." આ વાક્ય ચોક્કસ સુંદર છે.

પછી તે પુસ્તકની લેખિકા એક ચાઠાંવાળા છોકરાને લખે છે : ચાઠાં શું છે એ તો તમે

૧. ૧૯૪૭માં જન્મેલો બાલક મિનુદ્ર એટ, 'આર્બે મોન આમી' પુસ્તકનો લેખક.

જાણો છો ને ? — કે "તું સાચે જ બહુ સુંદર છે, તારાં ચાઠાં પણ સુંદર છે. આકાશનાં પંખીઓને આકર્ષવા માટે કોઈ દેવદૂતે તારા મુખ પર જાણે ઘઉંનાં બીજ ન વાવ્યાં હોય, તેવાં તે લાગે છે." આ સુંદર કવિતા છે.

છેલ્લે સાચે જ એક સુંદર વસ્તુ છે જે, હું તમને કહેવા માગું છું તેની સમજૂતીનાં દ્વાર ખોલી આપે છે. "હું માત્ર કાન છું, મુખ છું. કાન એવા શબ્દોના ઝંઝાવાતને સાંભળે છે, જેમને હું તમને સમજાવી શકતી નથી, જેમને કોઈક મહાન અવાજ મારી અંદર મૂકી આપે છે અને મારું મુખ તેમનું ઉચ્ચારણ કરે છે. હું જે બોલું છું તે મારી અંદરના પ્રકાશના પ્રવાહની તુલનામાં કાંઈ જ નથી."

સ્પષ્ટ રીતે આ બહુ સુંદર છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃષ્ઠ - ૨૯૬-૯૭)

*

## ભાવિની તૈયારી કરવા માટેનું શિક્ષણ

બાળકોને માટે, તેઓ બાળકો છે તેટલા માટે જ એ વધુ સારું ગણાય કે એમનામાં ભાવિ ઉપર વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છાશક્તિ રેડવી, એવો સંકલ્પ ઊભો કરવો કે તેઓ હંમેશાં ભાવિ પ્રત્યે નજર માંડે અને શક્ય તેટલી ઝડપી ગતિ કરીને પોતાને.... જે વસ્તુ બનવાની છે તેના પ્રત્યે દોરે — પણ એમણે એમની સાથે તેમના ભૂતકાળનું, તેમને દબાવી દે તેવું ઘંટીનું પૈડું પોતાની સાથે ખેંચતા ન જવું જોઈએ.

બાળકોને એમ કહેવું જોઈએ કે ઘણી અદભુત વસ્તુઓ પ્રગટ થવાની છે માટે તેમને ઝીલવાને માટે તૈયાર બનો. હવે જો એ લોકો એ વિષયમાં કોઈ સરળ અને વધુ સ્પષ્ટ રીતે સમજાય તેવી વસ્તુ જાણવા માગે તો તમે તેમને કહી શકો કે શ્રી અરવિન્દ આ વસ્તુઓનો અગાઉથી ઉદ્‌ઘોષ કરવા માટે આવેલા હતા એટલે તમે જો એમનાં લખાણોને વાંચશો તો તમને એ વિષયમાં સમજણ પડશે. આ રીતે તેમનામાં રસ જાગે છે અને શીખવાની ઇચ્છા જાગ્રત થાય છે.

પરંતુ સૌથી વધુ અગત્યની વસ્તુ આ ભેદભાવને નાબૂદ કરવાની છે અને એ દરેકમાં, એ સૌના મગજમાં આ ભેદભાવ રહેલો છે — આધ્યાત્મિક જીવન ગાળવાનો અને સામાન્ય જીવન ગાળવાનો, આધ્યાત્મિક ચેતના ધારણ કરવાનો અને સામાન્ય ચેતના હોવાનો — ખરી રીતે ચેતના એક જ છે.

ઘણાખરા લોકોમાં એ ચેતના ત્રણ ચતુર્થાંશ ભાગ જેટલી નિદ્રાધીન હોય છે કે વિકૃત થયેલી હોય છે. ઘણામાં તો એ સર્વાંશે વિકૃત હોય છે. આમાં ખરી જરૂર એ વસ્તુની છે કે એક ચેતનામાંથી બીજી ચેતનામાં ભૂસકો મારવાનો નથી, પરંતુ પોતાની ચેતનાને ખુલ્લી કરવાની છે (ઊર્ધ્વ પ્રત્યે નિર્દેશ) અને તેને સત્યનાં સ્પંદનોથી ભરી દેવાની છે, જે વસ્તુ અહીં થવી જોઈએ તેની સાથે સંવાદમાં લાવવાની છે — ત્યાં તો એ સમગ્ર શાશ્વતીથી અસ્તિત્વમાં છે — પરંતુ અહીં તો એ પૃથ્વી ઉપરની "આવતી કાલ"ની વસ્તુ છે. જો તમે તમારી જાતને ભૂતકાળના બોજાથી

લાદીને આગળ ખેંચતા જશો, જે વસ્તુનો ત્યાગ કરવાનો છે તેને આગળ ખેંચતા જશો, તો તમારી પ્રગતિ બહુ ઝડપથી નહિ થાય. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃષ્ઠ - ૪૧૪-૧૫)

*

### ભવિષ્યના શિક્ષકો

આપણે એવા લોકોની જરૂર છે — ઓહ, આપણે એવા વિશિષ્ટ પ્રકારના શિક્ષકોની જરૂર છે કે જેમનામાં સૌ પ્રથમ તો જે કાંઈ જ્ઞાન-સંચય ઊભો થયેલો છે તેનું ભંડોળ સારા પ્રમાણમાં હોય કે જેથી તેઓ તમામ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો આપી શકે. એની સાથે એમનામાં સાચી અંતઃસ્ફુરણાજન્ય બુદ્ધિનું જ્ઞાન હોવું જોઈએ. જો કે, એ વિષય એમના સ્વાનુભવનો હોય તો વધારે સારું. અને એ પ્રકારના વલણ કરતાં અનુભૂતિ હોય તો એ વધુ ઇચ્છવા યોગ્ય ગણાય એ તો સ્વાભાવિક વસ્તુ છે. તો, એમનામાં એ પ્રકારનું જ્ઞાન હોવું જોઈએ કે જ્ઞાન પામવાની સાચી રીત એ છે કે મન તદ્દન નીરવ હોવું જોઈએ, એ નીરવતા સત્ય ચેતના પ્રત્યે ઉન્મુખ હોવી જોઈએ અને ત્યાંથી જે કાંઈ આવતું હોય તેને ઝીલવાની ક્ષમતા ધરાવતી હોવી જોઈએ. આ પ્રકારની આવડત હોય તો ઉત્તમ ગણાય. કંઈ નહિ તો એ વસ્તુ સમજાવવી જોઈએ કે સાચી વસ્તુ એ જ છે — સાચી વસ્તુનું એક પ્રકારનું દર્શન છે — અને એનાથી કેવળ જ્ઞાનની દુનિયામાંથી એ કાંઈ જાણી શકાય છે એટલું જ નહિ, પણ એ વસ્તુ તો સમગ્ર કાર્યક્ષેત્રને પણ આવરી લે છે : એટલે કે, એ રીતે આપણને આપણે કઈ વસ્તુ ''કઈ રીતે'' કરવી અને ક્યારે કરવી તેનું પણ ચોક્કસ પ્રકારનું માર્ગદર્શન મળી રહે છે. અને એ રીતે જ્યારે આપણે આગળ વધીએ ત્યારે આપણે શું કરવું જોઈએ અને ક્યારે કરવું જોઈએ તેનો આપણને સ્પષ્ટ ચિતાર મળી રહે છે. કંઈ નહિ તો બાળકોમાં વિચારશક્તિ જાગે, — એ લગભગ સાત વર્ષની ઉંમરે આવે છે, પરંતુ ચૌદ કે પંદર વર્ષે એ તદ્દન સ્પષ્ટ બની રહે છે — ત્યારે આ વસ્તુ કઈ રીતે થઈ શકે તેનો સાત વર્ષની ઉંમરે તેમને થોડોકે અણસાર આપવો જોઈએ અને તેઓ ચૌદ વર્ષની ઉંમરનાં થાય ત્યારે સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરવું જોઈએ. એમને એ વસ્તુ સમજાવવી જોઈએ કે વસ્તુઓના ઊંડાણમાં રહેલી સાચી વસ્તુ સાથે સંપર્કમાં આવવાનો એ જ એકમાત્ર માર્ગ છે અને બાકીની બીજી બધી રીતો તો જે વસ્તુ સીધેસીધી તાદૃશ્યપણે જાણી શકાય તેમ છે તેને અનુરૂપ ઓછાવત્તા પ્રમાણમાં આડેધડ કાર્ય કરતી મનોમય ધારણાઓની પદ્ધતિઓ જ છે.

આનો સાર એટલો જ કે શિક્ષકોમાં પોતાનામાં જ, કંઈ નહિ તો અનુશાસન અને અનુભૂતિની સાચા હૃદયપૂર્વકની શરૂઆત થઈ હોવી જોઈએ. એમાં પુસ્તકો એકઠાં કરીને એમાંથી આ રીતે ભાષણો આપે તે ન ચાલે. એ રીતે તમે શિક્ષક નહિ બની શકો — ભલે પછી બહારના જગતને જેમ કરવું હોય તે કરે. આપણે કોઈ પ્રચારકો નથી. આપણે તો કેવળ એ બતાવી આપવા માગીએ છીએ કે શું થઈ શકે તેમ છે અને એ વસ્તુ ''થવી જ'' જોઈએ એ વસ્તુ પુરવાર કરવા માગીએ છીએ.

## સત્યનાં થોડાં બિંદુઓ

જ્યારે તમે અત્યંત નાનાં બાળકોને લો ત્યારે એ વસ્તુ અદભુત હોય છે. ત્યારે બહુ કરવાપણું હોતું નથી : તમે ''બની રહો'' એટલું જ બસ થઈ પડે છે.

કદી ભૂલ ન કરો.

કદી મિજાજ ન ગુમાવો.

હંમેશાં સમજદાર રહો.

અને શિક્ષકે માત્ર એટલું જ કરવાનું છે કે આ પ્રકારની પ્રવૃત્તિ અથવા ઊર્મિ કેમ ઉત્પન્ન થઈ છે તે સ્પષ્ટપણે જોવું અને જાણવું, એ બાળકનું અંદરનું બંધારણ કઈ રીતનું છે તે સમજવું, એમાંથી કઈ વસ્તુને પુષ્ટિ આપીને આગળ લાવવાની છે તેનું દર્શન મેળવવું — માત્ર આટલું જ કરવાનું છે અને પછી તેમને સ્વતંત્રપણે પોતાનો વિકાસ કરવા છૂટાં મૂકવાં, કેવળ તેમને ઘણી ઘણી વસ્તુઓને જોવાની, સ્પર્શ કરવાની શક્ય તેટલી વસ્તુઓ કરી જોવાની તક આપવી. એમાં બહુ મજા પડે છે. અને સૌથી વધુ અગત્યની વસ્તુ તો એ છે કે તમે જે વસ્તુ જાણો છો એમ માનતા હો, એ વસ્તુ એમની ઉપર ઠોકી ન બેસાડવી.

એમને કદી ધમકાવશો નહિ. હંમેશાં સમજવાનો પ્રયત્ન કરો અને જો કોઈ બાળક તૈયાર હોય તો એને સમજાવો. જો તમે પોતે તૈયાર હો પણ એ બાળક પોતે સમજવા માટે તૈયાર ન હોય તો, જે આંદોલન ખોટું હોય તેને બદલે ખરું આંદોલન ઉપજાવો. પરંતુ આ બધું તો... શિક્ષકોમાં જે પ્રકારની પૂર્ણતાની અપેક્ષા રાખી શકાય તેથી ઘણું વધારે છે.

પરંતુ શિક્ષકો માટે આ પ્રકારનો કાર્યક્રમ અને અભ્યાસ માટેનો કાર્યક્રમ ઘડી કાઢવો અત્યંત રસદાયક બનશે. અને એની શરૂઆત છેક પાયાથી કરવી. એ કાર્યક્રમ એવો નમનીય હોવો જોઈએ કે એના ઉપર પડતા પ્રભાવોને એ ઊંડાણમાંથી ગ્રહણ કરી શકે. એ લોકો જ્યારે સાવ નાનાં હોય ત્યારે એમને સત્યનાં થોડાંક બિંદુઓ આપશો તો તેઓ જેમ જેમ મોટાં થતાં જશે તેમ તેમ તદ્દન સ્વાભાવિક રીતે ખીલી ઊઠશે અને એક સુંદર કાર્ય બનશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃષ્ઠ - ૪૧૫થી ૪૧૭)

**એ રૂપાંતર પામેલું જૂનું જગત નથી. તે જન્મેલું નવીન જગત છે. આપણે આ પરિવર્તનના સમયની બરાબર મધ્યમાં છીએ, જેમાં બંને જગતો એકબીજા સાથે ગૂંચવાઈ ગયા છે, જેમાં જૂનું જગત સર્વ સમર્થ છે, સામાન્ય ચેતના પર પ્રભુત્વ સ્થાપીને બેઠું છે, જ્યારે નવું જગત શાન્તિપૂર્વક સરકી આવી રહ્યું છે, તે ખૂબ વિનમ્ર છે, એટલું બધું અદૃષ્ટ છે કે બાહ્ય રીતે તે અત્યારે તો કોઈ પણ વસ્તુને વિક્ષિપ્ત બનાવતું નથી, ઘણાખરા લોકોની ચેતનામાં તે તદ્દન અદૃષ્ટિગોચર છે. અને છતાં તે કાર્ય કરી રહ્યું છે, વૃદ્ધિ પામી રહ્યું છે. આખરે તે દૃષ્ટિગોચર રીતે કાર્ય કરવા શક્તિમાન થશે.**

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ પૃષ્ઠ-૧૪૪)

# નૂતન સર્જનનું પાંગરવું

**અતિમાનસ અસર હેઠળની સાચી માનવજાતિ**

આ દર્શન થયું તે પહેલાં વનસ્પતિ સૃષ્ટિનું અને વનસ્પતિના સહજ સૌન્દર્યનું દર્શન થયું હતું (એ કોક એવી તો અદ્‌ભુત વસ્તુ છે), એ પછી પશુજગતનું દર્શન થયું. એ પશુઓનું જીવન એવું તો સંવાદથી ભરેલું હતું (એમાં માણસો દાખલ થયા ન હતા ત્યાં સુધી) અને એ બધું તેના પોતાના યોગ્ય સ્થાનમાં હતું. એ પછી સાચી માનવજાતિ આવી, માનવજાતિ તરીકે, એટલે કે મનોમય અવસ્થા પ્રાપ્ત થતાં જે જે કાંઈ સૌન્દર્ય તરીકે, સંવાદ તરીકે, મોહકતા, જીવનની ઊર્જસ્વિતા તરીકે, જીવનની રસિકતા તરીકે — સૌન્દર્યમાં રહેવાના રસ તરીકે — સર્જન થઈ શકે તે બધું તેમાં હતું અને જગતમાં જે કાંઈ કદરૂપું, અને હીન અને ગ્રામ્ય હતું તે બધું સ્વાભાવિક રીતે જ દાબી દેવાયેલું હતું. એ એક સરસ માનવજાતિ હતી. એ એની ઊંચામાં ઊંચી ટોચે પહોંચેલી માનવજાતિ હતી, પણ તે સરસ હતી. પોતે માનવજાતિ છે એટલાથી જ તે પૂર્ણ સંતુષ્ટ હતી, કેમ કે એ સંવાદથી ભરેલું જીવન જીવતી હતી. અને આ સ્થિતિ તે કદાચ લગભગ આખીયે માનવજાતિ નવી સૃષ્ટિના પ્રભાવ હેઠળ કેવી બનશે તેના દૃષ્ટાંત જેવી હતી. મને લાગ્યું કે અતિમાનસ ચેતના માનવજાતિનું જે રૂપ બનાવી શકે તેમ છે તે આ છે. માનવજાતિએ પ્રાણીસૃષ્ટિની જે રચના કરી છે તેની સાથે મારાથી તુલના પણ થઈ ગઈ (આ પ્રાણી સૃષ્ટિ, કુદરતી રીતે જ, અતિશય મિશ્ર વસ્તુ બની ગયેલી છે, પણ એમાં વસ્તુઓને પૂર્ણ બનાવવામાં આવેલી છે, વધારે સારી બનાવવામાં આવેલી છે, તેમનો વધારે સંપૂર્ણ રીતે ઉપયોગ કરવામાં આવેલો છે). મનના પ્રભાવ હેઠળ પ્રાણીતત્ત્વ એ જુદી જ વસ્તુ બન્યું છે, એટલે કે એ કુદરતી રીતે જ એક મિશ્ર વસ્તુ બની ગઈ છે, કેમ કે મન પોતે અપૂર્ણ રહેલું છે. એ જ રીતે સરસ સમતુલાવાળા લોકોમાં સંવાદમય માનવજાતિના દાખલા પણ આવી રહેલા છે અને અતિમાનસના પ્રભાવ હેઠળ માનવજાતિ કેવી બનશે તેનું એમાં દર્શન થાય છે.

માત્ર એટલું જ કે આ વસ્તુ હજી બહુ દૂર દૂરની છે. આ તરત જ બની આવશે એવી તમારે આશા ન રાખવી જોઈએ — એ ઘણું દૂર દૂર છે.

આ સંક્રાંતિનો ગાળો  ચાલી રહેલો છે, અત્યારે પણ, એ વાત તો સ્પષ્ટ જ છે. અને એ ગાળો ખૂબ લાંબો ચાલે એ બનવા જોગ છે, અને એ જરા કષ્ટમય પણ છે. આમાં માત્ર એટલું જ કે આ અંગે જે પુરુષાર્થ કરવો પડે છે, તે કોઈક વાર કષ્ટમય હોય છે (ઘણી વાર કષ્ટમય હોય છે), પણ તેના બદલામાં, આપણે જે ધ્યેય પ્રાપ્ત કરવાનું છે, જે ધ્યેય સિદ્ધ થવાનું છે તેનું એક ઘણું સ્પષ્ટ દર્શન મળી આવે છે : આપણને એક ખાતરી, હા, એક નિશ્ચિતતા આપવામાં આવે છે. પરંતુ એ વસ્તુ કોઈક એવી હશે કે તેનામાં મનોમય જીવનની ભૂલ માત્રને, સર્વ

વિકૃતિઓને, તમામ કદરૂપતાને નિર્મૂળ કરી નાખવાની શક્તિ હશે અને પછીથી એક એવી માનવજાતિ બનશે કે જે ઘણી ઘણી સુખી હશે, પોતે માનવ છે એટલા માત્રથી તે ઘણી ઘણી તૃપ્ત હશે, માનવ કરતાં બીજું કાંઈ હોવાની તેને જરૂર લાગશે નહિ, પણ એનામાં એક માનવ સૌન્દર્ય, માનવ સંવાદિતા આવી રહેલાં હશે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૧ પૃષ્ઠ - ૨૭-૨૮)

**ભાવિમાં સાક્ષાત્કારના નવા માર્ગો**

આ ભાવિમાં સાક્ષાત્કારના નવા માર્ગો ખોલી આપે છે, જેમની શક્યતાઓની આગાહી થઈ ચૂકી છે. તેમાં નવીન શક્તિઓ પ્રત્યે, સભાનતાપૂર્વક અથવા અભાનતાપૂર્વક, ખુલ્લા બનેલા માનવજાતિના સમગ્ર ભાગો ઉચ્ચતર, વધારે સંવાદમય, વધારે પરિપૂર્ણ જીવનમાં ઊર્ધ્વ ગતિ કરશે. જો વ્યક્તિગત રૂપાંતર હંમેશાં શક્ય નહિ હોય, અથવા તેને મંજૂરી નહિ અપાતી હોય, તો પણ એક પ્રકારનું જનસમૂહનું ઊર્ધ્વીકરણ થશે, સમગ્રની સંવાદમયતા સ્થપાશે, જેથી નવીન વ્યવસ્થા, નવીન સંવાદિતા સર્જાશે, અત્યારનાં અવ્યવસ્થા અને સંઘર્ષ અદૃશ્ય થશે અને તેમની જગ્યાએ એવી વ્યવસ્થા આવશે, જે સમગ્રતયા સંવાદમય કાર્યને છૂટ આપશે.

એનાં બીજાં પરિણામો આવશે; જે જીવનમાં મનની દરમિયાનગિરીથી પેદા થાય છે, તે વિકૃતિઓને, કદ્રુપતાને, જે વિકૃતિઓએ દુઃખો, કષ્ટ, નૈતિક દરિદ્રતા, અધમ જુગુપ્સાજનક કષ્ટો પેદા કર્યાં છે અને જીવનને આટલું બધું ભયંકર બનાવી દીધું છે તે બધાંને તે દૂર કરશે. તેમણે અદૃશ્ય થઈ જવું જ જોઈએ. આ વસ્તુઓ માનવજીવનને પશુજીવન કરતાં પણ વધારે ખરાબ બનાવી મૂકે છે. બધું હોવા છતાં, પશુઓમાં સરળતા હોય છે, સ્વાભાવિક સ્વયંભૂપણું હોય છે, સંવાદિતા હોય છે. માનવજીવનમાં જેટલું હોય છે તેટલું દુઃખ પશુ જીવનમાં કષ્ટમય અને શુદ્ર નથી હોતું. માનવોમાં ખૂબ વિકૃતિ આવી ગયેલી છે, તેમણે પોતાની માનસિકતાનો ઉપયોગ માત્ર અહંતાપૂર્ણ જરૂરિયાતોની સેવામાં જ કર્યો હોય છે.

આપણે પ્રકાશમાં અને સંવાદિતામાં ઉપર ચઢવું જોઈએ, નહિ તો પશુ જીવનની સરલતામાં, આરોગ્યપ્રદ અવિકૃતતામાં પાછા જવું જોઈએ.

પણ જે લોકોને ઊંચે લઈ જઈ શકાય તેમ નથી, જેઓ પ્રગતિ કરવાની ના પાડે છે, તેઓ આપોઆપ માનસિક ચેતનાનો ઉપયોગ ગુમાવી બેસશે અને માનવ નીચેની પશુ કોટીમાં સરી પડશે.....

માનવ-ચેતનાનો જે ભાગ અતિમનસ સાથે જોડાવા સમર્થ છે, પોતાની જાતની મુક્તિ મેળવવા સમર્થ છે, તેનું તો પરિપૂર્ણ રૂપાંતર થઈ જશે. તે ભાવિ વાસ્તવિકતા પ્રત્યે પ્રગતિ કરી રહ્યો હોય છે, જે હજી બાહ્ય રૂપમાં અભિવ્યક્ત થઈ હોતી નથી. જે ભાગ પ્રકૃતિની ખૂબ ખૂબ વધારે નજીક છે, પશુની સરલતાની ખૂબ પાસે છે, તે પ્રકૃતિમાં પાછો મળી જશે; પ્રકૃતિ તેનું પૂર્ણ આત્મસાત્કરણ કરી લેશે. પણ માનવચેતનાનો દુષિત ભાગ, જે મનના દુરૂપયોગ દ્વારા વિકૃતિને આવવાની છૂટ આપે છે, તે તો દૂર થશે જ.

આ પ્રકારનો માનવ એક નિષ્ફળ પ્રયાસ છે, જેને દૂર કર્યે જ છૂટકો, જેવી રીતે બીજી

નિષ્ફળ જાતિઓ વૈશ્વિક ઈતિહાસના ક્રમમાં અદૃશ્ય બની ગઈ છે તેમ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ પૃષ્ઠ - ૨૭૫-૨૭૭)

**નમૂનારૂપ શહેર**

પૃથ્વીને જરૂર છે એક એવી જગા જ્યાં માણસો રાષ્ટ્રીય હરીફાઈઓ, સામાજિક રૂઢિઓ, આંતર સંઘર્ષ ઉત્પન્ન કરતી નૈતિકતાઓ અને સમાધાન કરતા ધર્મોથી પર રહી શકે.

એક એવી જગા જ્યાં માનવીઓ ભૂતકાળની ભુલામણીમાંથી મુક્ત રહીને જે દિવ્ય ચેતના આવિર્ભાવ પામવા માટે તૈયાર રહેલી છે તેની શોધ કરવા માટે અને અમલ કરવા માટે પોતાની જાતનું સંપૂર્ણ અર્પણ કરી શકે.

ઑરોવિલ આવી જગા બનવાનું ઈચ્છે છે અને આવતીકાલના સત્યમાં જીવવા માટે જે કોઈની અભીપ્સા હોય તેમના માટે પોતાની જાતનું અર્પણ કરે છે.

જુદાં જુદાં મૂલ્યો ધારણ કરનારા મનુષ્યો કઈ રીતે એક સાથે સંવાદમય રીતે જીવે અને કાર્ય કરી શકે ?

તેનો ઉકેલ એ છે કે પોતે પોતાની જાતની અંદર ઊંડે ઊંડે જવું અને એવી જગા શોધવી જ્યાં બધા ભેદો એકઠા થઈને એક તાત્ત્વિક શાશ્વત ઐક્ય બને.

૪ મે ૧૯૬૯

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૩ પૃષ્ઠ - ૧૬૧-૧૬૨)

**ગરીબાઈ અને દુઃખ દૂર કરવા પ્રતિનું સોપાન**

**બાળક :** કોઈ એવો દિવસ પણ આવશે કે જ્યારે ગરીબ લોકોનું અસ્તિત્વ નહિ હોય અને જગતમાં કોઈ દુઃખ રહ્યું નહિ હોય ?

**શ્રી માતાજી :** જે લોકો શ્રી અરવિન્દના ઉપદેશને સમજે છે અને તેમાં શ્રદ્ધા ધરાવે છે, તેમને માટે તો એ વસ્તુ તદ્દન નિશ્ચિત છે.

આ વસ્તુ બની આવે તે હેતુથી એક એવા સ્થળનું નિર્માણ કરવાનું નિર્ધારેલું અને માટે જ આપણે ઑરોવિલની સ્થાપના કરવા માગીએ છીએ.

પરંતુ આ વસ્તુ સિદ્ધ કરવી શક્ય બને તેટલા માટે, આપણે દરેકે પોતાની જાતનું રૂપાંતર કરવા પ્રયત્ન કરવો જોઈએ. કારણકે મનુષ્યોનાં ઘણાંખરાં દુઃખો તો એમની ભૌતિક અને માનસિક ભૂલોનાં પરિણામો હોય છે.

**૮ નવેમ્બર ૧૯૬૯**

**બાળક :** જ્યાં સુધી ઑરોવિલમાં વસવા આવનાર લોકો એના એ જ જગતમાંના હશે, એની એ જ દુર્બળતાઓ અને ક્ષતિઓ સાથે જન્મેલા હશે ત્યાં સુધી ત્યાં દુઃખનો અભાવ થઈ જશે એવું આપ શી રીતે માની શકો છો ?

**શ્રી માતાજી :** મેં એવું કદી વિચાર્યું નથી કે હવે પછી ઑરોવિલમાં કોઈ દુઃખ હશે જ નહિ, કારણકે મનુષ્યો જેવા છે તેમાં તો તેઓ એક બાજુએ દુઃખને ગાળો ભાંડતા હોય છે, પરંતુ

બીજી બાજુએથી તેને પ્રેમ કરીને બોલાવતા હોય છે.

પરંતુ આપણે તેમને સાચી રીતે શાંતિની ચાહના કરતાં અને સમતાને આચરણમાં મૂકવા શીખવવા પ્રયત્ન કરીશું.

હું જે વાત કરતી હતી તે અનિચ્છાપૂર્વકની ગરીબાઈ અને ભિક્ષાવૃત્તિની.

ઑરોવિલમાં, જીવનનું ઘડતર એવી રીતે કરવામાં આવશે કે આ વસ્તુનું અસ્તિત્વ ન રહે અને જો ત્યાં બહારથી ભિક્ષુકો આવશે તો પણ કાં તો તેમણે જતા રહેવું પડશે કે પછી તેમને આશ્રય આપીને કામ કરવામાં રહેલા આનંદનું શિક્ષણ આપવામાં આવશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૦ પૃષ્ઠ - ૩૦૬-૩૦૭)

*

ઑરોવિલમાં "બધી જ મિલ્કત સામૂહિક છે." તેનો અર્થ એવો ખરો કે દરેક વ્યક્તિ દરેક વસ્તુનો ઉપયોગ કરી શકે ? કે પછી વસ્તુઓ તેવી વ્યક્તિઓને જ આપી શકાય જેઓ તેમનો સારી રીતે ઉપયોગ કરી શકે ?

આ એક એવી ચેતનાનો વિષય છે જે પૃથ્વી ઉપર બહુ વિશાળ રીતે ફેલાયેલી નથી. આનો અર્થ એવો નથી કે જે લોકોને વસ્તુઓનો ઉપયોગ કરતાં આવડતું નથી તેમને તે વસ્તુઓ આપવી જોઈએ.

ઑરોવિલનો વહીવટ કરવા માટે ખાસ જરૂર તો છે એક એવી ચેતનાની જે બધી જ રૂઢિઓમાંથી મુક્ત હોય અને અતિમનસ સત્ય વિશે સચેતન હોય.

*

ઑરોવિલ માટે કેવા રાજકીય સંગઠનની તમારી ઇચ્છા છે ?

એક રમૂજી વ્યાખ્યા મને સૂઝી આવે છે : એક દિવ્ય અંધાધૂંધી; પરંતુ જગત સમજી શકશે નહિ. માનવીએ પોતાના ચૈત્ય પુરુષ વિશે સભાન બનવું પડશે અને સાહજિક રીતે જ એકબીજા સાથે ગોઠવાઈ જવું પડશે, કોઈ પણ જાતના નક્કી કરેલા નિયમો કે કાયદાઓ વગર – એ આદર્શ છે.

આ વસ્તુ માટે વ્યક્તિએ પોતાના ચૈત્ય પુરુષના સંપર્કમાં રહેવું પડશે, તેના દ્વારા જ દોરાવું પડશે અને અહંકારની સત્તાએ અને અસરોએ અદૃશ્ય થવું પડશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૩ પૃષ્ઠ - ૧૬૮-૧૬૯ થી ૧૭૮)

*

## ભીખ માગવાની નહિ, પોલીસ નહિ, જેલ પણ નહિ

ઑરોવિલમાં ભીખ માગવાની રજા નથી. જે લોકો રસ્તા ઉપર ભીખ માગતા નજરે પડશે તેનું વિભાજન નીચે પ્રમાણે થશે :

બાળકોને શાળામાં, ઘરડાઓને ઘરડાઘરમાં, માંદાંઓને હોસ્પિટલમાં અને તંદુરસ્ત લોકોને કામમાં જોડી દેવાના.

એક શાળા, એક ઘર, એક હોસ્પિટલ અને ખાસ કાર્ય કરવા માટે ખાસ વિભાગોની આ માટે વ્યવસ્થા થશે. તે લોકો બીજા સાથે હળશેમળશે નહિ કારણ કે બહારથી કેટલાક લોકો આવે અને શેરીમાં ભીખ માગવાની જરૂર ઊભી કરે.

ત્યાં પોલીસ નથી.... આપણને શબ્દ જડ્યો નથી.... ગાર્ડની ટુકડી, ગાર્ડોની બેટેલિયન, જાપાનના અગ્નિશામક સેવાદળના લોકો જેવા, જેઓ વ્યાયામવીરો હોય અને અકસ્માતો સર્જાય ત્યારે દરેક જરૂરી વસ્તુ કરે – ગમે તે વસ્તુ, ધરતીકંપો વખતે – તેઓ દરેક કાર્ય કરે છે. તેઓ ઊંચે ઘરમાં ચડી પ્રવેશ કરે છે. પોલીસને બદલે ગાર્ડના માણસોની એક ટુકડી હશે જેઓ નિયમિત રીતે નગરના જુદા જુદા ભાગોમાં ફરશે અને તપાસ કરશે કે ક્યાં તેમની જરૂર છે. અને જો તેઓ ભિખારીઓનો જોશે તો તેઓનું ઉપર મેં કહ્યું તે પ્રમાણેનું વિભાજન કરી વ્યવસ્થા કરશે. બાળકો માટે એક શાળા, વૃદ્ધો માટે એક મકાન, નબળા અને માંદાઓ માટે એક હોસ્પિટલ અને એક જગા હશે જ્યાં માણસોને કામ આપવામાં આવશે. ત્યાં દરેક શક્ય પ્રકારનું કાર્ય હશે, વાળવાઝૂડવાથી માંડીને.... ગમે તે. અને જે વસ્તુની જરૂર હશે તે, તેમની શક્તિ પ્રમાણે તેઓ કરશે. આ વસ્તુને વ્યવસ્થિત કરવી પડશે.

બાળકો માટે તેમને કામ કરવાનું શીખવવા માટે એક શાળા હશે અને તેમને કાર્ય કરવા માટે અનિવાર્ય એવી જરૂરી વસ્તુઓનું તેમને શિક્ષણ મળશે.

કેદ નહિ હોય, પોલીસ પણ નહિ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૩ પૃષ્ઠ - ૧૬૮-૬૯, ૧૭૮, ૨૧૬)

## દાક્તરો નહિ, દવાખાનાઓ નહિ

રોગો વગર દાક્તરોનું અસ્તિત્વ રહેશે નહિ, તમે સમજ્યા. હું એમ નથી કહેતી કે દાક્તરો સભાનપણે રોગોને પ્રોત્સાહન આપે છે; પરંતુ તેઓ રોગો સાથે સારો એવો મૈત્રીભાવ રાખે છે.

આ એકદમ સૂક્ષ્મ છે, છતાં પૂરેપૂરું સત્ય છે.

ચેતના (આપણે વૈશ્વિક ચેતના કહીએ) માં હું કોષોની એક પ્રકારની આંદોલિત ઘટના નિહાળું છું અને પછી એ જ ઘટનાને હું દાક્તરી ચેતનામાં નિહાળું છું – અને ઘટના કેવી પરિવર્તિત થઈ જાય છે, એ જો તમે જાણતા હો ! ... મને ખબર નથી આ કેવી રીતે સમજાવવું. એ એક ન બદલાય એવા ભાવિ જેવું બની રહે છે. 'ઓહ, આ તો માંદગી છે' – ખલાસ. અને એ સાચું નથી. 'માંદગી' 'illness' જેવી કોઈ વસ્તુ છે જ નહિ, બે એક સરખી ઘટનાઓ કે એકસમાન ઉદાહરણો હોતાં જ નથી. પ્રશ્ન છે એમના (દાક્તરના) વાતાવરણનો.

## કર નહિ, મરજિયાત ફાળો

આ સ્પષ્ટ છે. કરવેરા નહિ હોય પરંતુ દરેક પોતાના કાર્યથી સામૂહિક હિત માટે પોતાનો ફાળો આપશે પછી તે વસ્તુઓથી ભરપાઈ કરે અથવા નાણાંથી. જેમની પાસે પૈસા સિવાય બીજું કાંઈ નહિ હોય તેઓ પૈસા આપશે. પરંતુ સાચું કહીએ તો ''કર્મ'' – આંતરિક કર્મ પણ હોઈ

શકે. પરંતુ તે વિશે કહી શકાય નહિ, કારણ કે માણસો પૂરતા પ્રમાણમાં પ્રામાણિક નથી; કર્મ, ગુપ્ત કર્મ પણ હોઈ શકે, પૂરેપૂરું આંતરિક. પરંતુ તે બિલકુલ સાચદિલનું અને સચ્ચાઈપૂર્વકનું હોવું જોઈએ, અને તેની માટેની શકિત જોઈએ. દંભ નહિ, પરંતુ કામ શારીરિક રીતનું જ હોવું જોઈશે એમ નથી.

આ સામ્યવાદી પદ્ધતિનું અનુકૂલન છે. પરંતુ તે સ્તરની ભાવના પ્રમાણે નથી; શક્તિ પ્રમાણે, સ્થિતિ પ્રમાણે – માનસિક અથવા બૌદ્ધિક સ્તરે નહિ પરંતુ દરેકની આંતરિક સ્થિતિ પ્રમાણે તેમણે ફાળો આપવાનો છે.

ભૌતિક રીતે દરેક માનવીને એક સાચો હક હોય છે – પરંતુ તે 'હક' નથી. વ્યવસ્થા એ પ્રકારે ગોઠવાવી જોઈએ કે દરેકની ભૌતિક જરૂરિયાતની તેને ખાતરી મળવી જોઈએ. હકો અને સમાનતાના ખ્યાલો પ્રમાણે નહિ, પરંતુ ઓછામાં ઓછી જરૂરિયાતના પાયા પર. અને એક વખત તેનું સ્થાપન થઈ જાય પછીથી દરેક પોતાનું જીવન વ્યવસ્થિત કરવા માટે મુક્ત હશે – તેના પૈસાના સાધન દ્વારા નહિ, પરંતુ તેની આંતરિક શક્તિઓના આધારે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૩ પૃષ્ઠ - ૨૨૦-૨૨૧)

*

**ઑરોવિલની અભીપ્સા વિશ્વનગર બનવાની છે, જેમાં સર્વ દેશના પુરુષો અને સ્ત્રીઓ શાંતિપૂર્વક, પ્રગતિશીલ સંવાદિતામાં સર્વ વાદો, રાજકારણ તેમ જ રાષ્ટ્રીયતાઓથી પર રહી શકે.**

**ઑરોવિલનો હેતુ માનવઐક્યનો સાક્ષાત્કાર કરવાનો છે.**

**શ્રી માતાજી**

શ્રી માતાજી



શ્રી માતાજી

# ભવિષ્યનું ફળ પ્રાપ્ત કરવું

### પૈસા બનાવવા માટે પૈસો નથી

સૌથી પ્રથમ, નાણાંકીય દૃષ્ટિબિંદુથી જે સિદ્ધાંત ઉપર આપણું કાર્ય આધાર રાખે છે તે નીચે પ્રમાણે છે : પૈસો પૈસા બનાવવા માટે નથી; પૈસાએ પૈસા બનાવવા જ જોઈએ એવો ખ્યાલ જૂઠો અને વિકૃત છે.

પૈસા એટલા માટે છે કે કોઈ પણ સંસ્થા, દેશ અથવા તો વધારે સારી રીતે કહીએ તો સમગ્ર પૃથ્વીની સમૃદ્ધિ અને ઉત્પાદનની તે વૃદ્ધિ કરે. પૈસો એક સાધન, શક્તિ અને બળ છે. તેના પોતાના માટે એ કાંઈ નથી, અને બધાં બળો અને બધી શક્તિઓ માફક ગતિ અને પરિભ્રમણથી તે વૃદ્ધિ પામે છે અને પોતાની શક્તિ વધારે છે અને નહિ કે તેનો સંગ્રહ કરવાથી અથવા બંધિયાર હાલતમાં તેને મૂકી દેવાથી.

અમે એક પ્રત્યક્ષ દૃષ્ટાંત રજૂ કરીને જગતમાં સાબિત કરવા માગીએ છીએ કે આંતરિક માનસશાસ્ત્રીય સાક્ષાત્કાર અને બહિર્વ્યવસ્થા દ્વારા એક એવું જગત ઉત્પન્ન થઈ શકે છે જેમાં માનવદુઃખોનાં ઘણાંખરાં કારણો અદૃશ્ય થઈ જશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૧૭-૧૮)

### આર્થિક પ્રશ્નનું નિરાકરણ

માણસની ચેતનામાં સુધારો થાય તો તેની આર્થિક પરિસ્થિતિમાં સદ્ધરતા આવે ?

જો ચેતનામાં સુધારાનો અર્થ એક વૃદ્ધિ પામેલી વિશાળ ચેતના, અથવા તેનું વધારે સારી રીતે સંકલન એ પ્રમાણેનો હોય તો પરિણામે તેમાં બાહ્ય વસ્તુઓ ઉપરનો વધારે કાબૂ કુદરતી રીતે જ સ્થાપન થાય (આર્થિક સંજોગોમાં પણ). પરંતુ જ્યારે ચેતના 'વધારે સારી' થાય ત્યારે માણસ તેની પોતાની આર્થિક પરિસ્થિતિ વિશેના વિચારમાં ઓછો રહેતો થાય છે.

* * *

આર્થિક પ્રશ્નોના સમન્વય ઉપર આવવું.

(૧) જરૂરિયાત પ્રમાણે ઉત્પાદનને મેળમાં લાવવું.

(૨) ઉત્પાદન પ્રમાણે જરૂરિયાતોને સુમેળમાં લાવવી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : ૪૫)

* * *

### પૈસા માટેનો સંઘર્ષ

પૈસા માટેનો સંઘર્ષ માલિકનો સંઘર્ષ કહી શકાય; પરંતુ હકીકત એ છે કે પૈસો કોઈની માલિકીની વસ્તુ નથી. પૈસાની ''માલિકી''નો ખ્યાલ બધાને આડમાર્ગે લઈ જાય છે. પૈસો ''માલિકીની વસ્તુ'' ન બનવો જોઈએ : તે શક્તિની માફક એક કાર્ય માટેનું સાધન છે જે તમને આપવામાં આવ્યું છે, પરંતુ આપણે જેને 'દિવ્ય દાતાની સંકલ્પશક્તિ'' કહી શકીએ તેની ઇચ્છા

પ્રમાણે તેનો ઉપયોગ કરવો જોઈએ, એટલે કે બિન વ્યક્તિગત અને સરખી રીતે. જો તમે પૈસાના પ્રસરણ અને યોગ્ય ઉપયોગ કરવાના સાચા સાધન હો અને તમારામાં જે રીતે તેનો ઉપયોગ કરવો જોઈએ તે રીતે ઉપયોગ કરવાની શક્તિ હોય તો તમારી શક્તિ અનુસાર તે તમારી તરફ આવે છે અને આ પ્રમાણે તે સાચી યાંત્રિક ક્રિયા છે.

સાચું વલણ આ છે : પૃથ્વી ઉપરના કાર્ય માટે પૈસો એક શક્તિ છે. પૃથ્વી દિવ્ય બળોને ગ્રહણ કરી શકે અને તેમને અભિવ્યક્ત કરવા માટે તૈયાર થઈ શકે એટલા માટે તે કાર્ય કરવાનું છે – અને તે – એટલે કે પૈસાનો ઉપયોગ – તેવા માણસોના હાથમાં હોવો જોઈએ જેમનામાં સૌથી સ્વચ્છ પરિજ્ઞાનક અને સાચું દર્શન હોય.

શરૂઆત કરવા માટે, સૌથી પ્રથમ વસ્તુ છે (આ પણ પ્રાથમિક છે) માલિકીની ભાવના ન હોવી – તે શા માટે છે, ''તે મારો છો ?'' ....હવે મને સમજણ પડતી નથી. શા માટે લોકો તેના માલિક બનવા ઇચ્છે છે ?... કારણ કે તેઓ તેમની ઇચ્છા પ્રમાણે વાપરી શકે અને તેનું જે કરવું હોય તે કરી શકે, અને તેમના ખ્યાલો પ્રમાણે તેનો ઉપયોગ કરી શકે ? તે વસ્તુ તે પ્રમાણે છે. બીજી બાજુએ એવા લોકો છે જેમને તેનો ક્યાંક સંગ્રહ કરવો હોય છે... પરંતુ તે એક રોગ છે. કાયમ તેમની પાસે કાંઈક હોઈ શકે એટલા માટે તેઓ સંગ્રહ કરે છે.

પરંતુ જો લોકો સમજતા હોત કે તેઓ ગ્રહણ કરનાર અને પ્રસારણ કરનાર સ્ટેશન જેવા હોય છે અને જેટલું વધારે વિશાળ ફલક (અંગત કરતાં બિલકુલ ઊલટું) અને તે જેટલું બિનંગત અને વિસ્તૃત તેટલા વધારે પ્રમાણમાં તે બલનો સંગ્રહ કરી શકશે (''બલ''ને વધારે ભૌતિક રૂપમાં રૂપાંતર કરી શકાય : નોટો અને સિક્કાઓમાં). આ બલને ધારણ કરવાની શક્તિ ઉત્તમ રીતે પૈસાનો ઉપયોગ કરવાની શક્તિના પ્રમાણમાં હોય છે – ''ઉત્તમ''-શબ્દ સર્વસાધારણ પ્રગતિના અર્થમાં લેવાનો : સૌથી વિશાળ દર્શન, સૌથી મોટું, સર્વગ્રાહી અને પ્રકાશિત દર્શન, તેનો ચોક્કસ અને સાચો ઉપયોગ, 'અહં'ની ગ્રથિત જરૂરિયાત અનુસાર નહિ પરંતુ પૃથ્વીની ઉત્ક્રાંતિ અને વિકાસની સામાન્ય જરૂરિયાત માટે. એટલે કે સૌથી વિશાળ દર્શનમાં સૌથી વધારે શક્તિ હશે.

* * *

## પૈસા વાપરવા પાછળની સાચી ગતિ

બધી જ ખોટી ગતિઓની પાછળ એક સાચી ગતિ હોય છે. એક એવા પ્રકારનું સંચાલન, ઉપયોગ અને વ્યવસ્થા કરવી જેમાં સૌથી ઓછો વ્યય થાય અને સૌથી વધારે સારું ફળ મળે એમાં આનંદ રહેલો છે. આવું દર્શન હોવું એ ઘણું રસિક છે અને જે લોકો પૈસો એકઠો કરે છે તેમનામાં આ પ્રકારનું દર્શન હોવું જોઈએ; એ એક વિશાળ પાયા ઉપર ઉપયોગ કરવાની શક્તિ છે. પછી બીજા એવા લોકો છે જેમને તે પ્રાપ્ત કરીને વાપરી નાખવો છે; એ કોઈ બીજી જ વસ્તુ છે – તેઓ ઉદાર પ્રકૃતિના હોય છે અને તેમનામાં કોઈ નિયમન કે વ્યવસ્થા હોતાં નથી. પરંતુ બધી જ સાચી જરૂરિયાતોને ફેરવવાનું – જે નૈસર્ગિક વસ્તુને અનુરૂપ નથી – એક એવી

શક્યતા જે સ્વાભાવિક બની જાય છે. આ વસ્તુ કે પેલી કે બીજી વસ્તુ માટે આટલા પૈસાની જરૂર છે – આ બધું સારું છે. આ વસ્તુની ગોઠવણી માટે આટલા પૈસાની જરૂર છે – આ બધું સારું છે. અને હું સમજું છું કે લોકો એવા વાહકો છે જેમાંથી પૈસો ખરેખર જ્યાં જરૂરિયાત હોય ત્યાં જાય છે. લોકોમાં આ સાચી ગતિ હોવી જોઈએ. જેમને એવી ઇચ્છા હોય કે – તેમના મૂર્ખ અહંકારમાંથી તેમને ઉચિત લાગે તે પ્રમાણે પોતાને બંધબેસતી કરે.

જ્યારે સંગ્રહવૃત્તિની જરૂરિયાત અને ખર્ચ કરવાની જરૂરિયાત (બન્ને અંધ અને અજ્ઞાનભરી છે) એકત્રિત કરવામાં આવે ત્યારે તે એક સ્પષ્ટ દર્શન તરફ અને સૌથી કુશળ ઉપયોગ તરફ દોરી જાય છે. તે વસ્તુ સારી છે.

ત્યાર પછી ધીરે ધીરે તેનો અમલ કરવાની શક્યતા આવે છે.

પરંતુ સ્વાભાવિક રીતે જ, સ્પષ્ટ વિચારશક્તિવાળા માણસો માટે અને ઉચ્ચ પ્રકારની મધ્ય પ્રકારની વ્યક્તિઓ માટે (!) દરેક જગાએ અને એક સમયે હોવું અને તે પ્રમાણે કરવું શક્ય છે. ત્યાર પછી પૈસાનો આ ખ્યાતનામ પ્રશ્ન ઉકેલાશે.

પૈસો કોઈની માલિકીનો નથી. એ એક સામૂહિક માલિકી છે અને તેનો ઉપયોગ ફક્ત તેવી વ્યક્તિઓએ જ કરવો જોઈએ જેમનામાં એક સમગ્ર, સંજ્ઞાનક અને વૈશ્વિક દૃષ્ટિ હોય. હું તેમાં થોડું ઉમેરીશઃ ફક્ત પૂર્ણ અને સંજ્ઞાનક નહિ પરંતુ તાત્ત્વિક સત્યયુક્ત દર્શન પણ; એક એવું દર્શન, જે કહી શકે કે ક્યો ઉપયોગ વૈશ્વિક પ્રગતિ માટેનો છે અને કયો વ્યય ફક્ત તરંગી કહેવાય. પરંતુ આ બધી વિગતો છે કારણ કે ભૂલો પણ એક ચોક્કસ દૃષ્ટિબિંદુથી તથા વ્યય પણ સામાન્ય પ્રગતિમાં એકંદરે મદદ કરે છે; આ બધા પાઠો કઠિન રીતે શીખાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૨૪-૨૫ અને ૨૨૬)

* * *

*(૧) અહીં આશ્રમમાં આપણું લક્ષ્ય એક ઉચ્ચતર સત્યની અભિવ્યક્તિ કરવાનું છે, નહિ કે સામાન્ય માનવરૂઢિઓનું અનુસરણ. હું આ સરકારી કરારોને કોઈ વધારાની અગત્ય આપતી નથી. તેઓ જગતની હાલની પરિસ્થિતિમાં ફક્ત જરૂરિયાતો છે. પરંતુ તેઓ કોઈ ગહન સત્યની સાથે સંબંધ ધરાવતા નથી.*

*(૨) જીવનની વાસ્તવિક્તાઓમાં મનુષ્યની શક્તિ અધિકાર ઉપર આધાર રાખતી નથી, પરંતુ તેની આંતરિક ચેતનાના બલ અને પ્રકાશ ઉપર આધાર રાખે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૨૯)*

# નૂતન પૃથ્વી

## સરકારોની મોટી ભૂલ

હું એમ કહેવા માગું છું કે ઘણે ભાગે – અત્યાર સુધી, અને હમણાંથી વધારે અને વધારે માણસો તેમના ખ્યાલો અને વિચારો મુજબ માનસિક નિયમો બનાવે છે અને ત્યાર પછી તેમને અમલમાં મૂકે છે. (શ્રી માતાજી તેમની મૂઠી વાળીને નીચે ઉતારે છે અને દુનિયા મનની ચૂડમાં છે એમ સૂચવે છે.) અને આ વસ્તુ બિલકુલ ખોટી છે, તે મનસ્વી અને અવાસ્તવિક છે – અને તેનું પરિણામ એ આવે છે કે કાં તો બળવો થાય છે અથવા વસ્તુ શક્તિહીન થઈને અદૃશ્ય થઈ જાય છે...જીવનની પોતાની અનુભૂતિમાંથી વિશાળ નિયમો ધીરે ધીરે રચાવા જોઈએ. અને તે બને તેટલા નમનીય અને વિશાળ  હોવા જોઈએ, કાયમ પ્રગતિશીલ. કોઈ પણ વસ્તુ જડ રીતે નક્કી કરેલી હોવી જોઈએ નહિ.

સરકારોની એક મહાન ભૂલ છે, તેઓ એક માળખું તૈયાર કરે છે અને કહે છે : "આ રહ્યું, અમે બધી ગોઠવણી કરી છે અને હવે આપણે આ રીતે જીવવું પડશે." અને  આ રીતે ચોક્કસ તેઓ જીવનને કચડી નાખે છે અને તેને પ્રગતિશીલ બનાવવામાંથી અટકાવે છે. જીવન પોતે જ પ્રકાશ, જ્ઞાન અને શક્તિ તરફ વધારે અને વધારે વૃદ્ધિ પામતું જાય છે અને ધીરે ધીરે એવા નિયમો સ્થાપિત થતા જાય છે જે સામાન્ય રીતે વ્યવહારમાં મૂકી શકાય અને જરૂર પડે ત્યારે પૂરેપૂરા નમનીય બને અને જરૂર પ્રમાણે તથા ટેવો પ્રમાણે પરિવર્તન પામે.

(મૌન)

અને પ્રશ્ન છેવટે અહીં આવીને ઊભો રહે છે :  બુદ્ધિથી શાસન કરનારી સરકારને બદલે એક આધ્યાત્મિક ચેતનાથી શાસન કરાતી સરકારનું સ્થાપન કરવું જોઈએ.

## રાજદ્વારી સંબંધોનો પાયો સચ્ચાઈ હોવી જોઈએ

જગત જૂઠાણામાં જીવે છે અને અત્યાર સુધીમાં બધા જ માનવ માનવ વચ્ચેના સંબંધો જૂઠાણું અને છેતરપિંડી ઉપર રચાયેલા છે. તેઓ શાંતિની માગણી કરે છે અને તે દરમિયાન તેમની જાતને હથિયારોથી સજ્જ કરે છે. કેવળ માણસમાં રહેલી પારદર્શક સચ્ચાઈ અને રાષ્ટ્રોની અંદરની પણ સચ્ચાઈ એક રૂપાંતરિત જગતનું આગમન લાવી શકે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૨૧-૨૩)

## બેવડી નાગરિકતા

પૃથ્વી ઉપર માનવએકતાની ચેતનાના સ્થાપન અને વૃદ્ધિ વડે જ એક સાચી અને કાયમી શાંતિ સિદ્ધ કરી શકાય. આ લક્ષ્ય તરફ લઈ જનાર બધાં જ સાધનોની બહુ મર્યાદિત

અસર થાય, તેમ છતાં સૌથી અગત્યની તાત્કાલિક અને અનિવાર્ય વસ્તુ છે માનવચેતનાનું રૂપાંતર; તેમાં પ્રકાશ અને તેમાં કાર્યમાં રૂપાંતર.

તેમ છતાં કેટલાંક બાહ્ય પગલાંઓ ઉપયોગી નીવડી શકે અને તેમાંનું એક છે બેવડા રાષ્ટ્રીયત્વના સિદ્ધાંતનો સ્વીકાર. તેનો વિરોધી મુદ્દો એ છે કે જે લોકો બેવડા રાષ્ટ્રની રાષ્ટ્રીયતા સ્વીકારે તે લોકો જ્યારે બે દેશો વચ્ચે યુદ્ધ થાય ત્યારે બહુ ખરાબ પરિસ્થિતિઓમાં મુકાઈ જાય છે.

પરંતુ જે લોકો સચ્ચાઈપૂર્વક શાંતિ ઇચ્છે છે તેમણે સમજવું જોઈએ કે યુદ્ધ વિશે વિચારવું, યુદ્ધ વિશે વાત કરવી અથવા યુદ્ધની આગાહી કરવી એટલે તેને માટે દ્વારો ખોલી આપવા.

તેનાથી ઊલટું, જેમ જેમ યુદ્ધને બંધ કરવાની ઇચ્છાવાળા લોકોની સંખ્યા મોટી થતી જશે, તેમ તેમ એક સ્થિર શાંતિની તકો વધતી જશે અને તેટલા સમયમાં માનવીમાં એક નવીન ચેતનાનું આગમન થશે જે યુદ્ધને અશક્યતામાં ફેરવી નાખશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : ૫૦-૫૧)

### નવા પ્રકારની સરકાર

સમાજવાદ અથવા સામ્યવાદ, બન્ને વચ્ચે રહેલી વસ્તુ બિનકાર્યક્ષમ બને છે; દૈવી રાજતંત્ર, અમીરશાહી, લોકશાહી અને ધનિકશાહી, આ બધી જ વસ્તુઓ નિષ્ફળ ગઈ છે. બીજી સમાજવાદી અથવા સામ્યવાદી સરકારો પણ નિષ્ફળ સાબિત થતી જાય છે.

મૂળભૂત રીતે સમાજવાદ અને સામ્યવાદ સરકારોમાં એક પ્રકારની સરકારની ગેરહાજરી જેવું બને છે. કારણ કે તેમનામાં બીજા ઉપર શાસન કરવાની શક્તિ હોતી નથી; તેઓને ફરજિયાત રીતે તેમની શક્તિ કોઈને સુપ્રત કરવી પડે છે જેનો તે વ્યક્તિ ઉપયોગ કરે છે. દા.ત. લેનિન, કારણ કે તે ભેજું હતો. આ બધી વસ્તુઓનો પ્રયત્ન થઈ ચૂક્યો છે અને તે બિનકાર્યક્ષમ સાબિત થયું છે. ફક્ત એક જ વસ્તુ કાર્યક્ષમ બની શકે અને તે ઋત-સત્-ચેતના, જે પોતાનાં કરણોને પસંદ કરે અને એકની ગેરહાજરીમાં બીજાં કેટલાંક કરણો દ્વારા પોતાને અભિવ્યક્ત કરે - એક પૂરતો નથી, ''એક''ને ફરજિયાત રીતે પોતાનું જૂથ શોધવું પડે.

જેમનામાં આ ચેતના હોય તે ગમે તે સામાજિક વર્ગનો હોય; એ જન્મ દ્વારા મળેલો અધિકાર નથી, પરંતુ સ્વપ્રયત્ન અને વિકાસના પરિણામે પ્રાપ્ત કરેલો હોય છે. હકીકતમાં રાજકીય દૃષ્ટિબિંદુથી એક બાહ્ય પરિવર્તનની સ્પષ્ટ નિશાની છે. એ એક વર્ગનો અથવા જાતિનો અથવા જન્મનો અધિકાર રહ્યો નથી, એ બધું કાલગ્રસ્ત બની ગયું છે. એમાં જે વ્યક્તિઓએ ઉચ્ચતર ચેતના પ્રાપ્ત કરી છે તેમને રાજ્ય કરવાનો અધિકાર છે - બીજાઓને નહિ, તેમાં તેમનું સામાજિક ધોરણ જોવાનું નથી.

આ સાચું દર્શન હોઈ શકે.

જે લોકો આ પ્રયોગમાં ભાગ લે છે તેમને પૂરેપૂરી શ્રદ્ધા હોવી જોઈએ કે ઉચ્ચતમ

ચેતના સૌથી સ્થૂલ વસ્તુઓનો પણ સારામાં સારો ન્યાય કરે છે. ભારતનો વિનાશ આ ખ્યાલ ઉપરથી થયો છે કે ઉચ્ચતર ચેતના ઉચ્ચતર વસ્તુઓ સાથે જ સંબંધ ધરાવે છે અને નિમ્ન કક્ષાની વસ્તુઓમાં તેને બિલકુલ રસ પડતો નથી અને તેને વિશે તેને કાંઈ સમજણ પણ પડતી નથી ! આ વસ્તુને લઈને ભારતની પડતી થઈ. વારુ, આ ભૂલને પૂરેપૂરી ભૂંસી નાખવી જોઈએ. ઉચ્ચતમ ચેતનાને જ સૌથી સ્પષ્ટ દર્શન હોય છે - બિલકુલ સ્વચ્છ અને સૌથી સાચું - સૌથી ભૌતિક વસ્તુઓની કઈ જરૂરિયાતો હોવી જોઈએ.

તે વસ્તુ સાથે એક નવીન પ્રકારની સરકારનો પ્રયત્ન કરવો જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૨૮-૨૯)

## પક્ષવિહીન સરકાર

આપણે એવા યુગમાં પ્રવેશ કરીએ છીએ જેમાં વસ્તુઓને જુદી રીતે ગોઠવવી પડશે. તેને લઈને આ સમય મુશ્કેલીનો સમય છે. શું બની આવશે તે આપણે જાણતા હોવાથી આપણે તેને ઝડપથી અને ઓછા ઘોંઘાટથી બનવા માટે મદદ કરી શકીએ. પાછા ફરવાનો કોઈ અર્થ નથી; તેનાથી તો વસ્તુઓ અનંત રીતે ચાલ્યા કરશે. આપણે તો આગળ ચાલવાનું છે, બિલકુલ આગળ અને પક્ષથી પર જવાનું છે અને કોઈ પણ વ્યક્તિ શ્રી અરવિન્દ કરતાં આ સારી રીતે સમજાવી નહિ શકે કારણ કે તેઓ એટલા બધા, એટલા બધા પક્ષોથી પર હતા. તેમણે પક્ષોના ફાયદા અને ગેરફાયદાઓ જોયેલા અને તેઓ તે વસ્તુને બરાબર કહી બતાવતા.

તમે જો તેમણે લખેલું બરાબર ચીવટપૂર્વક વાંચો - એટલે બધું - તો તમે આ બધા પ્રશ્નોના ઉત્તરો શોધી શકશો અને તે જ સમયે તમે જાણશો કે તેમને દિવ્ય શક્તિનો પૂર્ણ ટેકો છે. તેમની પાછળ જે શક્તિ હતી તે આ રૂપાંતરની પાછળ કાર્ય કરી રહી છે. હવે રૂપાંતરનો સમય આવી પહોંચ્યો છે. આપણે ભૂતકાળને વળગેલા ન રહી શકીએ.

રાજકારણથી પર રહેવાનો ઉત્તમ માર્ગ શ્રી અરવિન્દના સંદેશનો પ્રસાર કરવાનો છે, કારણ કે તેઓ સત્તાભિલાષી રાજકારણી નથી; તેમના આદર્શો એ આદર્શો છે અને એટલું ચોક્કસ કે જો લોકો તેમનો કાર્યક્રમ સમજે અને અમલમાં મૂકે તો દેશ ઘણો મજબૂત બને, ઘણો મજબૂત.

જે લોકો તેમનું શિક્ષણ સમજે છે તેઓ સંગઠન માટેનું અને તેનો પ્રચાર કરવાનું ઉપાડી લે.

**પરંતુ માતાજી, જ્યાં સુધી માતાજીનાં બાળકો સરકારમાં ન આવે...**

(માતાજી હસે છે) તેઓ ભાંગી જશે અને તેઓ પોતાની જાતને એટલા બધાં બંધનોમાં ફસાયેલા અનુભવશે.

જો કોઈ એવો માણસ હોય જેને રાજકારણમાં જવાની ઇચ્છા હોય તો તે જુદી વાત છે; પરંતુ મને લાગે છે કે બીજાઓ અંદર ગયા સિવાય વધારે બલવત્તર રહેશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : ૩૫૨-૫૩)

## ભવિષ્યના નેતાઓ

તું જાણે છે, હું બાહ્ય નિર્ણયોમાં માનતી નથી. હું ફક્ત એક વસ્તુમાં માનું છું. એક ચેતનાની શક્તિ જે એક દબાણ આ પ્રમાણે મૂકે છે... (છૂંદવાની ક્રિયા દર્શાવતી), અને તે દબાણ વધતું જાય છે... જેનો અર્થ એમ કે માણસોમાંથી નીકળી જશે. હું ફક્ત તેમાં જ માનું છું - ચેતનાનું દબાણ. લોકો બાકી બધી વસ્તુઓ કહે છે. તેઓ ઓછી કે વત્તી તે વસ્તુઓ કરે છે, અને પછી તે જીવે છે અને પછી મૃત્યુ પામે છે અને પછી તે બદલાઈ જાય છે, અને પછી તે વિકૃત બને છે. અને પછી... તેમણે જે બધું કર્યું તે વિકૃત બને છે. એ વસ્તુ માટે તકલીફ લેવા જેવી નથી. અમલીકરણની શક્તિ ઉપરથી આવવી જોઈએ, તે પ્રમાણે, આજ્ઞા કરતી (નીચે ઉતરતી હોય તેવી ક્રિયા) ! અને તેને માટે, આ (માતાજી પોતાનું કપાળ બતાવે છે), એણે શાંત થવું જોઈએ. એવું કદી કહેવું ન જોઈએ કે, “ઓહ ! આ થવું જ જોઈએ, ઓહ ! આ થવું જ ન જોઈએ, ઓહ ! આપણે આ કરવું જ જોઈએ !... શાંતિ, શાંતિ, શાંતિ. જે વસ્તુની જરૂર છે તે તમે જાણો તેના કરતાં તે (પ્રભુ) વધારે સારી રીતે જાણે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૬૧-૬૨)

* * *

પ્રથમ વસ્તુ, તમારે તમારા પોતાના માટે કાર્ય કરવું નહિ પરંતુ પ્રભુની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવું, પ્રભુની ઈચ્છાને અભિવ્યક્ત કરવી. તમારે પોતાને તો કોઈ હુકમો આપવાના નથી. જ્યાં સુધી તમારો સંકલ્પ અંગત હોય, વ્યક્તિગત, ત્યાં સુધી તે સાચો નથી. તમે એ પ્રમાણે કરી શકો નહિ. તે સાચી વસ્તુ નથી એટલું જ નહિ પરંતુ તમે સાચી વસ્તુ જાણી શકો પણ નહિ !

તે પ્રમાણે બનવું જ જોઈએ (કોઈ વસ્તુને બલપૂર્વક ત્યાગ કરવાની ક્રિયા)... તેને હાંકી કાઢવી જ જોઈએ !

એટલા માટે જ આપણે એકલા કાંઈ પણ નથી ! આ જીવન છે. આપણે પોતાના માટે કોઈ કાર્ય કરતા નથી. આપણે આપણા સંકલ્પ અને અંગત પરિણામ માટે કાર્ય કરતા નથી, આપણે પ્રભુની સંકલ્પશક્તિ દ્વારા જ અને પ્રભુની સંકલ્પશક્તિ માટે જ કાર્ય કરીએ છીએ; એટલી બધી સાહજિક રીતે કે આપણા શારીરિક દુશ્મન માટે પણ આપણે કોમળતા અનુભવીએ છીએ. તમે જ્યારે આ રીતે અનુભવશો ત્યારે જ તમે સમજી શકશો. તે જ એક સમગ્ર મર્યાદા છે, પૂરેપૂરી મર્યાદા.

જ્યારે સંઘર્ષો ઉત્પન્ન થાય, અને તે બધો જ સમય ઉત્પન્ન થયા કરે છે, આપણા બધા માટે - ત્યારે તાત્કાલિક આપણને જાણે એમ લાગે છે કે જાણે આપણી ચામડીમાં પાછા ખેંચાઈ જઈએ છીએ; તે પ્રમાણે જ બને છે. દરેક પોતાની જાતને અંદર સંકોચી લે છે. પરંતુ મુશ્કેલી એ છે કે ગમે ત્યારે એક માણસનો સાપેક્ષ રીતનો અંગત સંકલ્પ હોય અને તેની સામે બીજો માણસ તેનો અંગત સંકલ્પ રજૂ કરે તો આ પ્રમાણે બને છે - સૌથી પ્રથમ તો એક પ્રતિક્રિયા

થાય છે અને પછીથી પણ, તમે થોડા કે વધારે તેની સાથે સહમત હો તો તમે આ સંકલ્પને હાથ ઉપર લો અને તેનું ચારે બાજુથી ચિંતન કરો તો પછી  તમે જોઈ શકશો કે  શું બને છે અને તે બધો જ સમય ચાલ્યા કરે છે. પહેલાં એક વ્યક્તિને સંકલ્પ થાય,અને પછી બીજાને અને પછી બીજાને અને એમ ને એમ અનંત રીતે. આ રીતે બધે જ બને છે; સૌથી મજબૂત સંકલ્પશક્તિ બધે જ ફેલાઈ જાય છે. તેનો કાંઈ અર્થ નથી, કાંઈ પણ નહિ.

જ્યારે આપણે એમ કહીએ છીએ, ''અમે પ્રભુની સેવામાં છીએ,'' ત્યારે તે કેવળ શબ્દો હોતા નથી. તે પ્રભુએ આપણી મારફત કામ કરવું જોઈએ, આપણે પોતે નહિ. સૌથી મોટી ગૂંચ છે : આપણે કઈ રીતે પ્રભુનો સંકલ્પ જાણી શકીએ ? પરંતુ હકીકતમાં હું તમને કહું છું : જો તમે સચ્ચાઈપૂર્વક તમારો અંગત સંકલ્પ છોડી દો તો તમે તેને (પ્રભુના સંકલ્પને) જાણશો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૮૪-૮૫)

## જેમનું કાર્ય નેતાગીરીનું છે, શાસન કરવાનું છે, તેમના માટે

જ્યારે તમારે લોકોને ખુશ કરવા હોય છે ત્યારે તમે જે રીતે વસ્તુઓ ચાલતી હોય છે તે રીતે ચાલવા દો છો અને માણસના ઉપર પ્રકૃતિ પ્રગતિ કરવાની ફરજ પાડે તેની રાહ જુઓ છો. પરંતુ સર્જનનું આ સત્ય નથી. માણસનું સાચું ધ્યેય, તેની પોતાની પ્રગતિની પ્રકૃતિ ઉપર ફરજ પાડવાનું હોય છે.

એટલે જ્યારે હું એમ કહું છું કે ''જ્ઞાની''ઓએ જગતનું સૂત્ર ચલાવવું જોઈએ ત્યારે હું તેને રાજકીય દૃષ્ટિબિંદુથી નહિ પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી કહું છું.

શાસનતંત્રના જે કોઈ પ્રકારો હોય તે બધા રહી શકે છે; તેની અગત્ય ગૌણ છે. પરંતુ સત્તા ઉપર રહેલા માનવીઓનો ગમે તે પ્રકારનો સામાજિક દરજ્જો હોય છતાં તે લોકોએ, જે માણસોએ સત્યનો સાક્ષાત્કાર કર્યો હોય અને જેઓ પ્રભુના સંકલ્પ સિવાય બીજો કોઈ સંકલ્પ રાખતા નથી, તેમની પાસેથી પ્રેરણા મેળવવી જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : ૪૭)

## સત્તાની ફેરબદલી

પરંતુ દેશો અને રાષ્ટ્રોની બાબતમાં પણ આ જ પરિસ્થિતિ છે : એમાં પણ સત્તાની ફેરબદલી થવાની છે. વ્યક્તિની સત્તાને બદલે દિવ્યતાની સત્તા સ્થાપવાની છે. અને આ પરિવર્તનને કારણે જ અનેક પ્રકારના અદૃશ્ય ગૂંચવાડા માનવજીવનને ભોગવવા પડે છે. ન કારણ, ત્યાં પણ (સત્ય સામે) અવરોધ છે.

(લાંબું મૌન)

સ્વરૂપનો જે ભાગ (પછી તે ગમે તે હોય) ફેરબદલીના સમયની નિકટ પહોંચે છે, એટલે કે, એ જેટલો વધુ પ્રમાણમાં ફેરબદલી માટે તૈયાર હોય છે, તેટલા પ્રમાણમાં એની સંવેદનશીલતા વધી જાય છે. અને એટલે, જ્યારે આપણે પ્રશ્નોની ભૂમિકાથી પેલે પાર જઈએ

છીએ અને વૈશ્વિક દૃષ્ટિ વડે જોતા થઈએ છીએ ત્યારે વ્યક્તિગત સંવેદના માટે એ પ્રશ્નો અત્યંત તીવ્ર ઉગ્રતા ધારણ કરે છે. આ વસ્તુ મેં પહેલાં પણ નોંધેલી; હવે એ વસ્તુ શરીરમાં ફરી પ્રગટ થઈ છે. એની સંવેદનશીલતા.... ભયંકર પ્રમાણમાં વધી જાય છે. જે લોકો આમ કેમ બને છે તે જાણતા નથી હોતા તેઓ તો સાચે જ ભયભીત થઈ જાય છે.... માંદગીની શક્યતા,...ની... અને એ વસ્તુ પ્રશ્નોને પણ લાગુ પડે છે. કેવળ જે લોકો જાણે છે અને સમજેલા છે, તેમને માટે તો છેવટની પ્રગતિ કરવાનો પ્રસંગ છે, આમ કરવા માટે (શ્રી માતાજી તેમના હાથ ઉપરની બાજુ ખુલ્લા કરે છે).

સારાંશરૂપે કહીએ તો એમ કે, જે વસ્તુને પોતે કોઈ અલગ વસ્તુ હોવાનો ભ્રમ છે તે ઓગળી જવી જોઈએ. એણે પોતાને કહેવું જોઈએ : એની સાથે મારે નિસ્બત નથી, મારું અસ્તિત્વ નથી. તમે લઈ શકો તેમાં સારામાં સારું વલણ આ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : પૃષ્ઠ - ૨૪૦)

## કાલ ભગવાન

**સંસ્થાઓ, સામ્રાજ્યો, સંસ્કૃતિઓ એ તો કાલને રમવાની લખોટીઓ છે. યુગોના બનેલા પોતાના ભોજનાલયમાં કાલ-પુરુષ બિરાજેલ છે અને પેગંબરો અને સમ્રાટો એના ભોજનની ચટણી છે, જીવન અને મરણ રૂપી રક્તરંગી સુરાનું તે પાન કરી રહ્યો છે. એના મહાલયનું તળિયું આરસથી જડેલું હોઈ કાલ ભગવાનનાં ચરણ આગળ, પુષ્પોની પેઠે, એનાં એ નક્ષત્રો અને તારાગણો વેરાયેલા પડ્યા છે, — જે નક્ષત્રો અને તારાઓ સમ્રાટ નહુષના ગૌરવના, ધ્રુવની તપસ્યાના, યયાતિના દબદબાના સાક્ષીઓ છે, જે નક્ષત્રોએ ટીગલાથ — પીલેસર, સેનાચીરબ અને ઈજીપ્તના ફારાઓને જોયા છે. કાલ-પુરુષ માનવનાં અશ્રુ અને હાસ્યની મિશ્ર હવાના કેફમાં ચકચૂર બની પોતાને આસને બેઠો છે અને પોતાની લખોટીઓથી રમે છે. એની પાસે બધી જાતની, બધા રંગની લખોટીઓ છે, — કેટલીક ઝાંખી અને ધૂળિયા છે, કેટલીક અનેક રંગની ઝલકવાળી છે, તો કેટલીક શ્વેત, — સફેદ પારેવાની પાંખ જેવી શુદ્ધ છે. પણ કાલ-પુરુષ બધી લખોટીઓ વડે સમાન ભાવે રમે છે અને જ્યારે તેમનું કાર્ય પતી જાય છે ત્યારે એ બધીને, સરખી ઉદાસીનતાપૂર્વક, તે દૂર ફેંકી દે છે.**

**(વિચારરત્નો અને જ્યોતિઝાંખી : ૨૪)**

# વૃત્ત વિશેષ

## નવાં પ્રકાશનો

**'સાવિત્રી'નું સંક્ષિપ્ત નાટ્ય રૂપાંતર : લક્ષ્મણભાઈ પટેલ**, પ્રકાશક : શ્રી અરવિન્દ કેન્દ્ર, પ્લોટ નં. ૫૭૬, સેક્ટર ૨૩, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૩૭૩ (૦૭૯). ૧/૮ ડેમી. પૃષ્ઠસંખ્યા ૯૬. આર્ટ કાર્ડ ઉપર સુંદર મુખપૃષ્ઠ : કિંમત રૂા. ૭૦/-. પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી અરવિન્દ દર્શનનાં અભ્યાસી અને ખ્યાતિપ્રાપ્ત સર્જક ડૉ. પુષ્પા ભટ્ટ લખી જણાવે છેઃ

> 'શ્રી લક્ષ્મણભાઈએ આ નાટ્યરૂપાંતર કરીને સાવિત્રી મહાકાવ્યના પ્રચાર-પ્રસારના કાર્યનું એક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.... શ્રી લક્ષ્મણભાઈએ સાગરને ગાગરમાં સમાવ્યો છે. એમને મારા હૃદયપૂર્વકના અભિનંદન.'

*

**મહર્ષિ શ્રી અરવિન્દ (જીવન-કાર્યની ઝાંખી) લેખન-સંકલન :** હરેશ ધોળકિયા. પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, ૨૦૨ તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯ (૦૭૯). ૧/૮ ડેમી. પૃષ્ઠ : ૧૧૬, સારા કાગળ ઉપર છાપકામ. શ્રી અરવિન્દની છબી સહિતનું સુંદર મુખપૃષ્ઠ : કિંમત : રૂા. ૧૨૫/- શ્રી હરેશ ધોળકિયા, શ્રી અરવિન્દ જીવન-દર્શનથી પ્રભાવિત થયા છે અને તેઓ સતત અભ્યાસરત પણ રહે છે. શ્રી હરેશભાઈ જણાવે છે તેમ : 'આ પુસ્તક શ્રી અરવિન્દના વિરાટ વ્યક્તિત્વની એક ઝાંખી આપવાનો પ્રયત્ન કરે છે.' શ્રી હરેશભાઈની લેખિનીને જાણીતી પ્રકાશન સંસથાએ બિરદાવી છે એ આવકારપાત્ર બીના છે. વાંચવાલાયક પુસ્તક.

## જાહેરાત

**Summer Retreat -** being arranged by Overman foundation and Shakti Centre, during 8th to 14th June at Vanniwas, Bara Pathar, Nainital. Registration charge Rs. 8850/- (For Stay and Food) Other expenses & travelling to be organised and borne by the participants For details and registration click following link : https : / overmanfoundation.wordpress. com / sumner-retreat-at-nainital

*

આશ્રમ કળાકાર શ્રી પ્રીતિ ઘોષનાં ચિત્રોનું પ્રદર્શન સાવિત્રીભવન, ઑરોવિલ મુકામે તા. ૧૭ જાન્યુઆરીના રોજ ખુલ્લું મુકવામાં આવ્યું છે. પ્રદર્શન ૧૭ ફેબ્રુઆરી સુધી સર્વને માટે ઉપલબ્ધ રહેશે.

બે જાતના માણસો માટે આશા છે. એક, જે માણસને ભગવાનના સ્પર્શનો અનુભવ થાય છે અને જે તેના પ્રત્યે ખેંચાયો છે, અને બીજો શંકાશીલ શોધક અને જેની નાસ્તિકતા અંતરની ખાતરીમાંથી જન્મેલી હોય છે; પરંતુ બધા ધર્મોના બાહ્યાચારનું પાલન કરનારાઓ અને વિચારના સ્વાતંત્ર્યનું રટણ કરનારા પોપટજીઓ તો મૃત આત્માઓ જ છે, — એ લોકો મૃત્યુનું અનુસરણ કરતા હોય છે, જે મૃત્યુને તેઓ જીવનનું નામ આપતા હોય છે.

*

જ્યારે આપણું મન જડતત્ત્વમાં ખૂંપી ગયેલું હોય છે ત્યારે જડતત્ત્વ જ વાસ્તવિક છે એમ આપણું મન વિચારે છે; જ્યારે આપણે જડથી પર ચેતનામાં પાછા જઈએ છીએ ત્યારે જડતત્ત્વ આપણને એક મહોરા જેવું લાગે છે અને ચેતનામાં જે સત્-તા હોય છે તેને જ માત્ર વાસ્તવિકતાનો સ્પર્શ થયો છે એમ માનીએ છીએ. ત્યારે હવે એ બેમાંથી સત્ય વસ્તુ કઈ સમજવી ? એ તો ભગવાન જાણે; પરંતુ જે માણસને એ બન્ને અનુભવો થયા હોય છે તે એ બેમાંથી કઈ સ્થિતિ વધારે ફળદાયી જ્ઞાનવાળી હોય છે, કઈ વધારે સમર્થ અને આનંદમય છે તે વસ્તુ સહેલાઈથી કહી શકે છે.

શ્રી અરવિન્દ

(વિચારરત્નો અને જ્યોતિઝાંખી પૃ. ૬૯-૭૦)

(વર્ષ ૦૨ : અંક ૨)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦

વિદેશ માટે-હવાઇ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

દરિયાઈ માર્ગે, અમેરિકન ડોલર ૧૫

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧

ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫

E-mail : sasvadodara@aurosociety.org

વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦

E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**